RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 59* Date: 18.12.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભલે ગલવાન હોય કે તવાંગ હું પોતે એ કલ્પના નથી કરી શકતો કે આપણી સેનાએ આ કરિશ્મા કઈ રીતે કર્યો. : રાજનાથ

## ભારતીય સેનાને લઈને રાહુલ ગાંધીના નિવેદનને લઈને ભાજપ કોંગ્રેસ પર પ્રહારો કરી રહી છે



નવીદિલ્હી,તા.૧૭

ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને તવાંગ ઘર્ષણ અંગે જવાબ આપ્યો છે. રાજનાથ સિંહે કહ્યું કે રાજકારણ એ છે કે જે સમાજને આગળ લઈ જવાનું કામ કરે. ભલે ગલવાન હોય કે તવાંગ હું પોતે એ કલ્પના નથી કરી શકતો કે આપણી સેનાએ આ કરિશ્મા કઈ રીતે કર્યો. આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ભારતની ઈજ્જત વધી છે તેને બધા સ્વીકારે છે. આપણી છાતી પહોળી થઈ જાય છે. આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ભારતની પ્રતિષ્ઠા વધી છે. ભારતનું કદ ઘણું ઊંચુ થયું છે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે રાહુલ ગાંધીને જવાબ આપતા કહ્યું કે તવાંગમાં સેનાનું શૌર્ય જોવા મળ્યું. તવાંગમાં તથા ગલવાનમાં સેનાએ ચમત્કાર દેખાડ્યો. આ માટે ભારતીય સેનાની જેટલી પ્રશંસા કરવામાં આવે તે ઓછી છે. ભારતીય સેના પર ગર્વ છે. રાજનાથ સિંહે કહ્યું કે પહેલા ભારત કઈ બોલતું હતું તો ઈન્ટરનેશનલ ફોરમમાં તેની વાતો ગંભીરતાથી લેવાતી નહતી. ધ્યાનથી સાંભળવામાં નહતી આવતી. એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાખવામાં આવતી હતી. પરંતુ આજે ભારત ઈન્ટરનેશનલ ફોરમ પર કઈ બોલે છે તો લોકો કાન ખોલીને અને કાન પકડીને સાંભળે છે કે ભારત શું બોલી રહ્યું છે? ભારત ખુબ મજબૂત બન્યું છે. ભારત જી-૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે. ભારત હવે એજન્ડા સેટ કરવાનું કામ કરી રહ્યું છે.

રાજનાથ સિંહે કહ્યું કે ભારત મહાશક્તિ બનવા માંગે છે. ભારત સમગ્ર દુનિયાના કલ્યાણ માટે કામ કરે છે. અમારી કોઈ પણ દેશની એક ઈંચ જમીન પર કબજો કરવાનો ઈરાદો ક્યારેય નહી હોય. તેમણે કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાથી પોતાના સંબોધન દરમિયાન દેશને પાંચ પ્રતિજ્ઞાઓ વિશે જણાવ્યું હતું. જે ભારતને સુપર પાવર બનાવવા માટે જરૂરી છે. પરંતુ એ ન માનવું જોઈએ કે અમે કોઈ દેશ પર હાવી થવા માંગીએ છીએ કે અમારો ઈરાદો કોઈ દેશની એક ઈંચ જમીન પણ કબજાવવાનો છે. ભારતીય સેના વિશે રાહુલ ગાંધીએ આપેલા નિવેદન પર ભાજપ કોંગ્રેસ પર સતત વળતા પ્રહાર કરી રહ્યું છે. ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આરોપ લગાવતા કહ્યું કે રાહુલ ગાંધી ભારતીય સેનાનું મનોબળ તોડવાનો પ્રયત્ન કરે છે. તેમણે સમજવું જોઈએ કે આ ૧૯૬૨નું ભારત નથી.

ભાજપે રાહુલ ગાંધીના પાત્રને જયચંદનું પાત્ર ગણાવ્યું છે. ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી ભારતીય સેનાનું મનોબળ તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓએ સમજવું જોઈએ કે આ ૧૯૬૨નું ભારત નથી. એવું લાગે છે કે રાહુલ ગાંધીએ દુશ્મન દેશો સાથે કરાર કર્યો છે કે જ્યારે પણ ભારતીય સેના તેની તાકાત બતાવશે ત્યારે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી સેનાનું મનોબળ તોડવાનું કામ કરશે.

ભાજપના પ્રવક્તાએ કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં ભારતની એક ઈંચ પણ જમીન પર અતિક્રમણ કરવામાં આવ્યું નથી. જે દેશના પીએમ તરીકે નરેન્દ્ર મોદી છે, બહાદુર સૈનિકો છે અને મજબૂત રાજદ્વારી સંબંધો છે, તે દેશની એક ઈંચ પણ જમીન પર કબજો કરવાની હિંમત કોઈ કરી શકે નહીં. દરેક વખતે ભારતીય જવાનોની બહાદુરી અને ભારતીયોની છાતી ૫૬ ઈંચ થઈ જાય છે, પરંતુ આના કારણે બે લોકો ગુસ્સે થઈ જાય છે. એક આપણા દુશ્મન અને બીજા રાહુલ ગાંધી. ભાજપનો આરોપ છે કે રાહુલ ગાંધીનું પાત્ર જયચંદ જેવું છે.

આ નિવેદન પર ભાજપે રાહુલ ગાંધી પાસેથી માફી માંગવાની પણ માંગ કરી છે. ગૌરવ ભાટિયાએ કોંગ્રેસ અધ્યક્ષ ખડગેને રાહુલ ગાંધીને હટાવવાની માંગ કરી હતી. ભાટિયાએ કહ્યું, ×મલ્લિકાર્જુન ખડગે કોંગ્રેસના અધ્યક્ષ છે. તેમણે રાહુલ ગાંધીને બરતરફ કરવા જોઈએ. જો રાહુલ ગાંધી વિરુદ્ધ કાર્યવાહી નહીં કરે તો સ્પષ્ટ થશે કે કોંગ્રેસની પણ આ જ વિચારસરણી છે.×

રાહુલ ગાંધીએ કહ્યું કે અમારી સરકાર ભૂ-રાજકીય વ્યૂહરચના હેઠળ કામ કરતી નથી. ચીનની ધમકી એકદમ સ્પષ્ટ છે. સરકાર તેને છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમની તૈયારી ઘૂસણખોરી માટે નહીં પરંતુ યુદ્ધ માટે છે. તમે તેમની સંપૂર્ણ પેટર્ન જુઓ. તેઓ યુદ્ધની તૈયારી કરી રહ્યા છે. મેં અગાઉ પણ કહ્યું છે કે સાવધાન રહેવું જોઈએ. ચીને આપણા ૨ હજાર કિમી ચોરસ પર કબજો જમાવી લીધો છે અને તે આપણા સૈનિકોને માર મારી રહ્યું છે.

# યુક્રેન યુદ્ધ મુદ્દે પીએમ નરેન્દ્ર મોદીની સ્થિતિનું અમે સ્વાગત કરીએ છીએ : અમેરિકા

## અમે યુદ્ધના પ્રભાવોને ઓછો કરવા માટે સહયોગીઓ સાથે સમન્વય કરવાનું ચાલુ રાખીશું.



નવીદિલ્હી,તા.૧૭,

ભારત-ચીન વિવાદ વચ્ચે પીએમ નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન વચ્ચે ફોન પર વાત થઈ. જેને લઈને અમેરિકાની પ્રતિક્રિયા સામે આવી છે. અમેરિકાએ પીએમ મોદીના વખાણ કરતા કહ્યું છે કે યુક્રેન યુદ્ધ મુદ્દે તેમની સ્થિતિનું સ્વાગત કરીએ છીએ અને હિંસાને રોકવા માટે કૂટનીતિના રસ્તે ચાલવાનું આહ્વાન કરીએ છીએ. અમેરિકા તરફથી કહેવાયું છે કે અમે પીએમ મોદીને તેમના શબ્દોમાં લઈશું અને જ્યારે તે હશે ત્યારે તે ટિપ્પણીઓનું સ્વાગત કરીશું. રશિયા સાથે જોડાણ પર અન્ય દેશ પોતાના નિર્ણયો પોતે લેશે. અમે યુદ્ધના પ્રભાવોને ઓછો કરવા માટે સહયોગીઓ સાથે સમન્વય કરવાનું ચાલુ રાખીશું.

અત્રે જણાવવાનું કે જે સમયે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો તે સમયે યુક્રેનની રાજધાની કીવ ધડાકાઓથી હચમચી રહી હતી. રશિયાએ યુક્રેન પર ઘણા દિવસ બાદ આટલો ભીષણ હુમલો કર્યો. યુક્રેનની રાજધાની કીવમાં સાયરનો વાગી રહી છે અને અનેક વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો છે. જ્યારે યુક્રેન તરફથી કહેવાયું છે કે રશિયા આ વર્ષના અંતમાં કે પછી આગામી વર્ષની શરૂઆતમાં ૨ લાખથી વધુ સૈનિકો સાથે યુક્રેન પર ફરી મોટો હુમલો કરશે.

આ બધા વચ્ચે પીએમ મોદી અગાઉ સમરકંદમાં પણ પુતિનને વાર્તા અને કૂટનીતિ દ્વારા યુક્રેન વિવાદને ઉકેલવાની સલાહ આપી ચૂક્યા છે.

તેમના અને પુતિન વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચીતનો એજન્ડા પણ સામે આવી ગયો છે. જે સમયે ભારત અને રશિયા વચ્ચે થનારા વાર્ષિક શિખર સંમેલનના આ વર્ષે નહીં થવાની આશંકા વ્યક્ત કરાઈ રહી હતી તે દરમિયાન રાષ્ટ્રપતિ પુતિન અને પ્રધાનમંત્રી મોદી વચ્ચે વાત થઈ તો અનેક મુદ્દાઓ પર બંને નેતાઓ વચ્ચે ચર્ચા થઈ. જેમાં યુક્રેન વોરથી લઈને ભારત-રશિયા રક્ષા સમજૂતિઓ અને જી૨૦માં પુતિનની ભાગીદારી ઉપર પણ વાતચીત થઈ.

ફોન કોલમાં ભારત-રશિયાની વાર્ષિક સમિટનો એજન્ડા પણ જોવા મળ્યો. ભારત અને રશિયા વચ્ચે આ વર્ષના અંતમાં સમિટ થઈ રહી નથી. વર્ષ ૨૦૦૦થી બંને દેશો વચ્ચે આ મીટિંગ થતી આવી છે અને આ બીજીવાર છે કે જ્યારે ભારત-રશિયાના રાષ્ટ્રાધ્યક્ષ મળશે નહીં. બંને નેતાઓએ સમરકંદ જી૨૦ સમિટ બાદ પહેલીવાર દ્વિપક્ષીય સંબંધો, એનર્જી, ટ્રેડ અને ઈન્વેસ્ટમેન્ટ, ડિફેન્સ અને સિક્યુરિટી સહયોગ ઉપરાંત અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર પણ વાતચીત કરી હતી.

# દરભંગામાં તીન કલાક આપનાર પતિ જેલના સળિયા પાછળ

દરભંગા,તા.૧૭

સમાજ અને કાનુન બંન્ને બદલાઇ ગયા છે પરંતુ આ વાત દરભંગાના મો. વકારને કદાચ યાદ ન રહી હોય તેણે પોતાની પત્નીને તીન તલાક આપી દીધા.વડાપ્રધાન મોદીના કાર્યકાળમાં બનેલ તીન તલાક કાનુન આવ્યા બાદ દરભંગા જીલ્લામાં પહેલીવાર કોઇ શૌહરને આ કાનુન હેઠળ આરોપિત બનાવવામાં આવ્યો છે અને તીન તલાક આપવાના આરોપમાં જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.આ મામલો કેવટી પોલીસ સ્ટેશન વિસ્તારના ઔસી ગામનો છે.બીજીબાજુ સમાજમાં તેને મુસ્લિમ મહિલાઓમાં વધતા આત્મબળના રૂપમાં જોવામાં આવી રહી છે. લોકો મહિલાના આ પગલાની પ્રશંસા કરી રહ્યાં છે

ઔસી ગામ નિવાસી વકાર સલામની પત્નીએ પોતાના પતિ પર વ્હાટ્સએપના માધ્યમથી તીન તલાક આપવાની ફરિયાદ કરી તેણે દરભંગા સ્થિત મહિલા પોલીસ સ્ટેશનમાં આ વાતની ફરિયાદ નોંધાવી છે લેખિત ફરિયાદ મળ્યા બાદ મહિલા પોલીસ સ્ટેશનની પોલીસ હરકતમાં આવી પોલીસે પીડિતાના પતિને લહેરિયાસરાય પોલીસ સ્ટેશન વિસ્તારના સ્વીટ હોમ ચોકની પાસેથી ધરપકડ કરી કોર્ટમાં રજુ કર્યા બાદ આરોપીને ન્યાયિક હિરાસતમાં જેલ મોકલી લેવામાં આવ્યો છે.જાણકારી અનુસાર ફાતિમા રહમાની તરફથી મહિલા પોલીસ સ્ટેશનમાં દાખલ ફરિયાદમાં કહ્યું છે કે ૫ ડિસેમ્બરની સાંજે તેના પતિ વકાર સલામે તેને વ્હાટ્સએપ પર તીન તલાક આપી દીધા ત્યારબાદ તેણે આ વાતની ફરિયાદ પોતાના પરિવારજનોને કરી પરિવારજનોએ આ મામલામાં મધ્યસ્થા કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કોઇ પ્રકારનો લાભ થયો નહીં જયારે પીડિતાએ અરજીમાં આરોપ લગાવ્યો કે તેની સાસરીવાળા દહેજની માંગ કરી રહ્યાં છે ન આપવા પર મારપિટ અને યાતના આપે છે આમ છતાં વકારે તેને તીન તલાક આપી દીધા. પોલીસની પકકડમાં આવેલ મો. વકાર સલામે પોતાની પત્ની તરફથી લગાવવામાં આવેલ તમામ આરોપો બેબુનિયાદ ગણાવ્યા છે પોલીસની સામે વકારે સમગ્ર મામલાને ખોટો ગણાવ્યો હતો અને કહ્યું કે હું આજે પણ મારી પત્નીને મારી સાથે રાખવા તૈયાર છું પરંતુ તે ખુદ મારી સાથે રહેવા તૈયાર નથી તેણે કહ્યું કે મેં મારી પત્નીને તીન તલાક આપ્યા નથી અને આજે પણ હું તેને મારી સાથે રાખવા તૈયાર છું.

# નીતિશની આસપાસ રહેતા લોકો જ દારૂ પીવે છે : પ્રશાંત કિશોર





પટણા,તા.૧૭

બિહારના છાપરામાં ઝેરી દારૂ પીવાથી થયેલા ૪૦ મોત બાદ જ રાજકારણમાં સતત ગરમાવો આવી રહ્યો છે. આ દરમિયાન એક જમાનામાં નીતિશ કુમારના સહયોગી રહેલા પ્રશાંત કિશોરે તેમના પર જોરદાર પ્રહાર કર્યો છે. જનસૂરાજ યાત્રાના ૭૪માં દિવસે પ્રશાંત કિશોર ઢાકા પ્રખંડના કરમાવા ગામમાં છે. અહીં તેમણે છપરામાં ઝેરી દારૂ પીવાથી થયેલા મોતો પર દુઃખ વ્યક્ત કર્યું છે. પ્રશાંત કિશોરે જણાવ્યું કે, નીતિશ કુમારની આસપાસ રહેનારા લોકો પોતે જ દારૂ પી છે અને પછી નીતિશ કુમાર સામે લાંબી લાંબી વાતો કરે છે.

તેમણે કહ્યું કે, જે પણ નીતિશ કુમારને જાણે છે, તે બધા આ વાતથી પરિચિત છે કે તેમની આસપાસ જે અધિકારીઓ રહે છે, તેઓ દારૂ પી છે. મોટી હાસ્યાસ્પદ વાત કોઇ રાજ્યના મુખ્યમંત્રી કોઇ જિલ્લાના ડીએમ,એસપીને બોલાવીને કહે છે કે તમે સોગંધ ખાઓ કે તમે દારૂનો વેપાર કરનારા લોકોને પકડીને કાર્યવાહી કરશો. તેમણે કહ્યું કે, આગામી ૪૮ કલાકની અંદર નીતિશ સરકાર દારૂબંદી કાયદો પાછો લે. નીતિશ સરકારની દારૂબંદી યોજના પૂરી રીતે નિષ્ફળ સાબિત થઇ રહી છે.

પ્રશાંત કિશોરે કહ્યું કે, પહેલા દારૂની દુકાનોને ગામે ગામ ખોલીને લોકોને દારૂ પીવા મજબૂર કરી દીધા અને આજે દંડાઓના સહારે લોકોને દારૂ છોડવા કહી રહ્યા છો. આ રાજતંત્ર થઇ ગયું છે. તેમણે ભારતીય જનતા પાર્ટી,નીતિશ કુમાર અને તેજસ્વી યાદવ પર પ્રહાર કર્યો અને બધાને દારૂબંદીની નિષ્ફળતા માટે જવાબદાર ઠેરવ્યા. પ્રશાંત કિશોરે કહ્યું કે, દારૂબંદી પર સોથી પહેલા મુખ્ય અવાજ અમે જ ઉઠાવ્યો છે. ભાજપના લોકો જે વિધાનસભામાં હોબાળો કરી રહ્યા છે, એ જ લોકોએ જનતા દળ યુનાઇટેડ સાથે મળીને ૫ વર્ષ સાથે રહીને દારૂબંદીનું સમર્થન કર્યું.

ભાજપને ઘેરતા પ્રશાંત કિશોરે કહ્યું કે, હવે કોઇ ભાજપને સવાલ કરી રહ્યું નથી કે, જ્યારે તમે સરકારમાં હતા, પોતાની દારૂબંદી હટાવવા માટે શું કામ કર્યું. તેની સાથે જ પ્રશાંત કિશોરે કહ્યું કે, બિહારમાં જેટલી પણ પાર્ટી છે, તેમણે દારૂબંદીને લઈને સ્પષ્ટ કરવું જોઇએ. તેજસ્વી યાદવને આડે હાથ લેતા પ્રશાંત કિશોરે કહ્યું કે, જ્યારે આરજેડી અને તેજસ્વી યાદવ વિપક્ષમાં હતા ત્યારે દારૂબંદી પર નીતિશ સરકારને ઘેરી રહ્યા હતા. હવે તેઓ પોતે સરકાર ચલાવી રહ્યા છે તો તેમને દારૂબંદી યોગ્ય લાગી રહી છે.

# કથિત ઠગ સુકેશ ચંદ્રશેખરે મંત્રી સત્યેન્દ્ર જૈનને પૈસા આપવાના આરોપને પુનરોચ્ચાર કર્યો

નવીદિલ્હી,તા.૧૭

દિલ્હીની તિહાર જેલમાં બંધ એક કથિત ઠગ સુકેશ ચંદ્રશેખરે લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ રચેલી કમિટીને આપેલા પોતાના નિવેદનમાં તેમણે મંત્રી સત્યેન્દ્ર જૈનને પૈસા આપવાના આરોપને પુનરોચ્ચાર કર્યો હતો. આ રિપોર્ટમાં સુકેશે સમિતિને જણાવ્યું કે, તેણે ૬૦ કરોડ ક્યારે અને ક્યાં આપ્યા હતા. વાસ્તવમાં કમિટીએ ૧૪ નવેમ્બર અને ૧૫ નવેમ્બરે મંડોલી જેલમાં સુકેશનું નિવેદન નોંધ્યું હતું. તેમણે સમિતિને જણાવ્યું કે, તેમણે દિલ્હીના પરિવહન મંત્રી કૈલાશ ગેહલોતના ફાર્મ હાઉસ પર મંત્રી સત્યેન્દ્ર જૈનને ચાર હપ્તામાં ૫૦ કરોડ રૂપિયા આપ્યા હતા.

રિપોર્ટ્સ અનુસાર, ચંદ્રશેખર દ્વારા જૈન સહિતના છ઼છ઼ નેતાઓ પર લગાવવામાં આવેલા આરોપોની તપાસ માટે દિલ્હી સરકારના મુખ્ય સચિવ (ગૃહ)ની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી.સુકેશે જણાવ્યું હતું કે, ૨૦૧૭માં સુકેશ ચંદ્રશેખરે ૫૦ કરોડ રૂપિયા આપ્યા બાદ હોટેલ હયાત રિજન્સી ભીકાજી કામા પ્લેસ ખાતે ડિનર પાર્ટી, જેમાં સીએમ કેજરીવાલ, સત્યેન્દ્ર જૈન અને કૈલાશ ગેહલોતે હાજરી આપી હતી. તેણે કહ્યું કે, સત્યેન્દ્ર જૈને ઘણી વખત ફોન પર વાત કરી.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં સુકેશ ચંદ્રશેખર તિહાર જેલમાં બંધ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સમિતિના સભ્યો ૧૪-૧૫ નવેમ્બરે મંડોલી જેલમાં ચંદ્રશેખરને મળ્યા હતા અને તેમનું નિવેદન નોંધ્યું હતું. સમિતિ દ્વારા સુપરત કરાયેલા અહેવાલ મુજબ, ચંદ્રશેખરે સત્યેન્દ્ર જૈનને ૬૦ કરોડ રૂપિયા આપવાના આરોપને પુનરોચ્ચાર કર્યો છે – આમ આદમી પાર્ટી વતી રાજ્યસભાની બેઠક મેળવવા માટે ૫૦ કરોડ રૂપિયા અને જેલમાં સુરક્ષા માટે ૧૦ કરોડ રૂપિયા આપ્યાના આરોપને દોહરાવવામાં આવ્યો છે. અહેવાલ મુજબ ચંદ્રશેખરે તત્કાલિન મહાનિર્દેશક (જેલ) સંદીપ ગોયલને ૧૨.૫૦ કરોડ રૂપિયા આપ્યા હોવાનો પણ દાવો કર્યો છે.સૂત્રોએ જણાવ્યું હતું કે, સુકેશ ચંદ્રશેખરે સમિતિને એમ પણ જણાવ્યું હતું કે કુલ રકમ અને તેના વ્યવહારોના સ્થળ અને સમય અંગે જૈન સાથે તેમના વોટ્સએપ મેસેજ સુરક્ષિત છે. તે તપાસ એજન્સીઓની માંગ પર પુરાવા તરીકે તેને ઉપલબ્ધ કરાવશે. સૂત્રોએ જણાવ્યું કે ચંદ્રશેખરે એવો પણ દાવો કર્યો છે કે તેણે જૈનના ફોન દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે વાત કરી હતી અને પૈસાની લેવડદેવડની પુષ્ટિ કરી હતી. સૂત્રોએ જણાવ્યું કે તેણે દાવો કર્યો છે કે ૨૦૧૭માં આરકે પુરમની એક હોટલમાં તેમના દ્વારા આયોજિત પાર્ટીમાં કેજરીવાલ, જૈન અને કૈલાશ ગેહલોત પણ હાજર હતા.

## તંત્રી સ્થાનેથી...

# ઝેરી દારૂનો કહેર



દારૂબંધી લાગુ કરી ચૂકેલા બિહારના સારણ જિલ્લામાં ઝેરી દારૂએ ૪૦થી વધુ લોકોનો જીવ લીધો છે. વાસ્તવિક આંકડો તેનાથી ઘણો વધારે છે પરંતુ તેના પર ઢાંકપિછોડો કરવાના પ્રયાસો થઈ રહ્યાં છે. દારૂબંધી લાગુ થયા બાદ ઝેરી દારૂથી મોત થવાની આ પહેલી ઘટના નથી. આ ઘટનાઓમાં અત્યાર સુધી સમગ્ર રાજ્યમાં સેંકડો લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. નીતિશ કુમાર સરકારે એપ્રિલ, ૨૦૧૬થી બિહારમાં દારૂના ઉત્પાદન, ખરીદી, વેચાણ, સેવન વગેરે પર પૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. આ ઘટનાને લઈને રાજ્ય વિધાનસભાથી લઈને સંસદ સુધી સવાલ ઉઠ્યા છે. વિધાનસભામાં તો વિપક્ષ ભાજપ અને મુખ્યમંત્રી નીતિશ કુમારમાં જોરદાર વાદ-વિવાદ થયો. સરકાર પર ગેરકાયદે દારૂના વેચાણને રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂકતા અને જીવ ગુમાવનારા લોકોના પરિવારોને વળતર આપવાની માંગ કરતાં ભાજપના ધારાસભ્યોએ નારેબાજી કરી. આ દરમિયાન મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુસ્સે પણ થઈ ગયા. સત્તા પક્ષનું કહેવું હતું કે બિહારમાં દારૂનું સેવન ગુનો છે અને તેનાથી જે લોકો મોતને ભેટ્યા છે તેમને કોઈ પણ પ્રકારનું વળતર આપવામાં નહીં આવે.જો તેમને વળતર આપવામાં આવશે તો તેનો સીધો અર્થ એ નીકળશે કે અમારી સરકાર દારૂના સેવનને સમર્થન આપી રહી છે.

રાજદ ધારાસભ્ય સુધાકર સિંહનું કહેવું હતું કે નીતિશની સાથે સરકાર ચલાવી ચૂકેલી ભાજપને આ મામલે બૂમરાણ મચાવવાનો કોઈ નૈતિક અધિકાર નથી. બિહારમાં દારૂબંધી આજે રાજકીય મુદ્દો બની ગયો છે. રાજ્ય સરકારનું કહેવું છે કે ઝેરી દારૂનું સરકારને બદનામ કરવા માટે વેચાણ કરાવવામાં આવી રહ્યું છે. નીતિશ તો ત્યાં સુધી કહી દીધું કે દારૂનું સેવન કરનારાઓને ખબર છે કે દારૂ પીશો તો મરશો. સરકાર તેમાં વળતર કેમ આપે? રાજ્યમાં દારૂબંધીની નીતિની સમીક્ષાની નિરંતર માંગ કરવામાં આવી રહી છે પરંતુ સમીક્ષાને બદલે જરૂર પડ્યે કડક વલણ અખત્યાર કરવામાં આવશે તો જ સ્થિતિમાં સુધારો થઈ શકે છે. દારૂના બુટલેગરો અને પોલીસના ભ્રષ્ટ અધિકારીઓ માટે અબજો રૂપિયાની કાળી કમાણીનો ધીકતો ધંધો છે. નીતિશે મહિલાઓની માંગને સ્વીકારી દારૂબંધીનો નિર્ણય કર્યો હતો. આ વચનની રક્ષા માટે તેમણે જે પોલીસ અધિકારીઓના કાર્યક્ષેત્રમાં ઝેરી દારૂ વેચાય છે તેમને સસ્પેન્ડ કરવાની, મૃત્યુ થતા આબકારી, પોલીસ અધિકારીઓને ૧૦ વર્ષની કેદ અને દારૂનું વેચાણ કરનારા બુટલેગરોને આજીવન કેદ અથવા ફાંસીની સજાની જોગવાઈ કરાવવી જોઈએ. દારૂબંધી માત્ર કાગળ પર ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું પડશે.

## વક્ફ બોર્ડની મસ્જિદોના ઈમામો દિલ્હીના સીએમ કેજરીવાલના ઘરની બહાર વિરોધ પ્રદર્શનો કરશે

નવીદિલ્હી,તા.૧૭

દિલ્હી વક્ફ બોર્ડના કર્મચારીઓ છેલ્લા ઘણા મહિનાઓથી બાકી પગારની ચૂકવણીની માંગ સાથે શુક્રવારે હડતાળ પર ઉતર્યા હતા. આ સાથે વક્ફ બોર્ડ સાથે જોડાયેલી મસ્જિદોના ઈમામો પણ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાન બહાર ધરણા પ્રદર્શનની ચેતવણી આપી હતી. બોર્ડના એક કર્મચારીએ જણાવ્યું કે વક્ફ બોર્ડના કર્મચારીઓને છેલ્લા ૩ થી ૪ મહિનાથી પગાર ચૂકવવામાં આવ્યો નથી. આમાંના મોટાભાગના કર્મચારીઓ કોન્ટ્રાક્ટ પર છે. વક્ફ બોર્ડના કર્મચારીઓનું કહેવું છે કે આ અંગે વારંવાર ધ્યાન દોરવામાં આવ્યું હતું પરંતુ સમસ્યાનો ઉકેલ આવ્યો ન હતો.

નામ ન આપવાની શરતે એક કર્મચારીએ જણાવ્યું કે અમે અમારી સમસ્યાઓ અંગે ડિવિઝનલ કમિશનર સહિત વક્ફ બોર્ડના અધિકારીઓને જાણ કરી ચૂક્યા છીએ, પરંતુ હજુ સુધી ઉકેલની દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી. હડતાળ પર જવાનો નિર્ણય છેલ્લા ઉપાય તરીકે લેવામાં આવ્યો હતો. આટલું જ નહીં, વક્ફ બોર્ડ દ્વારા સંચાલિત મસ્જિદોના ઈમામો અને મુઅઝીનોએ પણ દાવો કર્યો છે કે પાંચ મહિનાથી વધુ સમયથી તેમનો માસિક પગાર ચૂકવાયો નથી.

એક ઈમામે કહ્યું કે જો દિલ્હી સરકાર કોઈ ઉકેલ નહીં લાવે તો અમે ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કરીશું. આ મામલે વક્ફ બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી (ઝઈ) મોહમ્મદ રેહાન રઝા તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. દરમિયાન, વક્ફ બોર્ડના ચેરમેન અમાનતુલ્લા ખાને જણાવ્યું હતું કે એસીબી અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સહિત વિવિધ એજન્સીઓ દ્વારા ચાલી રહેલી તપાસને કારણે બોર્ડની કામગીરી "અવ્યવસ્થિત" થઈ ગઈ છે.

વક્ફ બોર્ડના અધ્યક્ષ અમાનતુલ્લા ખાને કહ્યું કે તેઓ છેલ્લા અઠવાડિયામાં વક્ફ બોર્ડની ઓફિસની મુલાકાત લઈ શક્યા ન હતા.

હલ્કો

અમારી નનામી ઊંચક્યા પછી,
ડાઘુ બોલ્યા કે સાવ હલ્કો છે.
વજન અમારું અલોપ થયું કે શું?
ડાઘુ બોલ્યા કે સાવ હલ્કો છે.
આભ જેવી અમારી ઉંચાઇ છે,
ડાઘુ બોલ્યા કે સાવ બટકો છે!!
કફનમાં ખિસ્સુ કયાંથી હોય??
ડાઘુ બોલ્યા કે સાવ કડકો છે!
બરફમાં કોરી આગ પ્રગટાવી,
ડાઘુ બોલ્યા કે સાવ ભડકો છે!!
ઈશ્વર જેવા ઈશ્વરને નમ્યો નહીં,
ડાઘુ બોલ્યા કે વટનો કટકો છે
ભરત વૈષ્ણવ
૧૭.૧૨.૨૦૨૨.

# હવે સમુહ લગ્ન વિચ્છેદ સમારોહ યોજવાનો સમય પાકી ગયો છે!!!

ગિરધરભાઇ. તમે છૂટાછેડાને શું માનો છો?"રાજુ રદીએ સવાલ પૂછ્યો.

" રાજુ એમાં મારું માનવું બેકાર છે" મેં કહ્યું.

" ગિરધરભાઇ.લગ્ન તો ઉપરથી નક્કી થાય છે અને ધરતી પર તેની વિધિ પૂરી થાય છે. આ બધું તો સમજ્યા પણ છૂટાછેડા, ફારગતી , લખણું, ડીવોર્સની વિધિ પાતાળમાં થતી હશે કે શું? " રાજુએ પૂછયું.

" રાજુ. લગ્ન પછી પતિ-પત્ની વચ્ચે કારણ અકારણ સંઘર્ષ થાય, ગૃહયુધ્ધ થાય, એક છત નીચે રહેલા છતાં પાણી અને પેટ્રોલ મિકસ ન થાય.માતાપિતા, સગાસંબધી, મિત્રો સુલેહ માટે પ્રયત્ન કરે પણ તૂટેલ મન ફેવિકોલથી પણ ચોંટતા નથી. પછી શું થાય? વકીલો અને પોલીસ કમાય!! " મેં રાજુને ગૃહયુધ્ધનું વિશ્લેષણ કરી કહ્યું.

"ગિરધરભાઇ. તમે માનશો એક વાર મીઠું-નમક કમ ખાય( ગમ વધારે ખાય .એનું કાંઇ નહીં!!) તે જાહેર ન કરવાના કારણે છૂટાછેડા થઇ ગયા!!" રાજુએ પદાર્થ આધારિત ડીવોર્સની વાત કરી.

" રાજુ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ ગોરધન વિરોધી કાયદો છે. માની લો કે મહિલા અબળા છે. તેને પતિ,સાસુ,સસરા, નણંદ, જેઠ,દિયર, દેરાણી, જેઠાણીના ત્રાસ, હેરાનગતિ સામે રક્ષણ આપવું જોઇએ. એનો ઇક્કાર પણ ન કરાય. પતિને પૂરૂષ હોવા છતાં અબળા હેરાન કરે, જીવન ધૂળધાણી કરી નાંખે તેવા પત્ની પીડીત પતિ માટે કોઇ કોઇ કાયદાકીય જોગવાઈ નથી. બિચારો પત્ની અને કાયદા-ઘંટીના પડ વચ્ચે જીંદગીભર પિસાતો રહે છે. છૂટાછેડાની અરજી કર્યા પછી આ કોર્ટ, પહેલી કોર્ટ, છેલ્લી કોર્ટના ચક્કરમાં ડોસો થઇ જાય તો પણ છૂટાછેડા ન મળે. ઘણીવાર તેના છોકરાના છૂટાછેડા તેના કરતાં વહેલા થાય પણ પેલો બાપડો ભરણપોષણની રકમ ભરતાં ભરતા ખુદ કુપોષિત થઇ જાય.છૂટાછેડા મળે પછી બીજે છેડા જોડવાની શક્યતા બચી ન હોય!

છૂટાછેડા માટે છોકરી કાળી પડે, જાડી પડે, નીચી પડે, અભણ પડે, ગરીબ પડે,આડા સંબંધો હોય, દહેજ ઓછું પડે, આંખ ત્રાંસી હોય વગેરે કારણો હોય. છોકરી સાટામાં આપેલ હોય તો એકને દુખ પડે કે તકલીફ તો બીજાને પણ તકલીફ પડે. છોકરો નામર્દ હોય, છોકરો બીજી સાથે લફરું હોય એટલે છૂટાછેડા થાય. સંયુક્ત કૂટુંબમાં રહેવાની રામાયણ હોય. " મેં લંબાણથી કહ્યું

" હમમમ્. કવાઇટ ઇન્ટ્રેસ્ટિંગ!!" રાજુનો પ્રતિભાવ.

" રાજુ. છૂટાછેડા એ પરસ્પર ટળવળતા, અકળાતા, તરફડતા પાપોનો મુક્તિ મહોત્સવ છે. જેમણે સાથે રહેવા લગ્ન કર્યા, નિકાહ કર્યા, કોર્ટ મેરેજ કર્યા હોય. સારા હેતુ માટે સહજીવન કર્યા હોય, પરંતું ટાઇેનિકની જેમ સહજીવન તૂટી પડ્યું હોય!!" મેં રાજુને કહ્યું.

" ગિરધરભાઇ.,છૂટાછેડા એરેન્જ મેરેજમાં વધારે હોય કે લવ મેરેજમાં વધારે હોય!!"રાજુએ ડીફેન્સ લોયરની જેમ ઉલટ સવાલ પૂછ્યો.

"રાજુ. એરેન્જ મેરેજ કે લવ મેરેજ મેરેજ ગમે તે હોય પણ સમજણનો અભાવ, જતું ન કરવાની ભાવના, અપેક્ષાનો બોજ, પરિજનો તરફથી મળતું પ્રોત્સાહન, સ્વચંછંદતા, સ્વૈરવિહાર વગેરે લગ્નજીવનના પાયા હચમચાવી નાંખે છે. એમાં વકીલોની ચડવણી ,સલાહ છૂટાછેડાની લડાઈમાં આગમાં ઘી નાંખીએ અને આગ ભભૂકી ઉઠે તેમ છૂટાછેડાને હવા દે છે!!" મેં રાજુને કહ્યું.

" ગિરધરભાઇ. છૂટાછેડાની પ્રવૃત્તિનો પૂરતો વિકાસ થયો નથી. છૂટાછેડાને વેગ આપવા શું કરવાની જરૂર છે.?" રાજુએ મને પૂછયું. " રાજુ શહેરી વ્તિારોના મુકાબલે ગ્રામ્ય વિસ્તારમાં અલ્પ વિકાસ થયો છે. આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાની તાતી જરૂરિયાત છે. વાસ્તવમાં સરકાર સ્તરે પ્રયત્નોનો વ્યાપ વધારવા, છૂટાછેડા પ્રોત્સાહન પોલિસી અંતર્ગત રાહતો આપવાની જરૂર છે તાલુકા લેવલે છૂટાછેડા સેન્ટર સ્થાપવા અને સુદ્રઢ કરવાની જરૂર છે. પ્રધાનમંત્રી છૂટાછેડા પ્રોત્સાહન કુર્યાત સદા મુક્તિમ્ અંતર્ગત છૂટાછેડા માટે લોકઅદાલત જેવી મુહિમ ચલાવવાની પણ જરૂર છે!!" મેં રાજુને છૂટાછેડાને પ્રોત્સાહન આપવાની કલ્યાણકારી યોજનાની સમજણ આપી.

" ગિરધરભાઇ. જસ્ટિસ ડીલેડ ઇઝ જસ્ટિસ ડીનાયડ એવું સૂત્ર કાયદાના ક્ષેત્રે પ્રચલિત છે. તમે જો જો કે છૂટાછેડાનો કેસ ફાઇલ થયો હોય એને વરસે કે બે વરસે નિકાલ થયો હોય! અદાલતોમાં એક વરસથી લઇને બહુવરસીય યોજના હોય છે.! યુવાનીમાં છૂટાછેડા લેવા કરેલી અરજીનો વૃધ્ધાવસ્થા કે મરણ સુધી નિકાલ થતો નથી ને તારીખ પે તારીખ પડે છે. વિદેશોમાં આટલા સમયમાં બેત્રણ વાર લગ્ન કરી ચારવાર ડીવોર્સ લેવાઇ ગયા હોય છે!!" રાજુએ કાયદાકીય ખામીઓ કહી.

"રાજુ. છૂટાછેડા તરફ? ઉદાસીન સમાજે છૂટાછેડા થાય તે માટે તનમનધનથી પ્રયાસો કરવા પડશે. નહીંતર આ મુકતિદાયી, કષ્ટનિવારક, પરંપરાભંજક પ્રવૃત્તિનું ભવિષ્ય અંધકારમય થઇ જશે . જેને માટે આવનારી પેઢી આપણને માફ નહીં કરે.આ આપણી કલેકટીવ રીસ્પોન્સીબીલીટી છે. પહેલાં તો પડ્યું પાનું નિભાવવાની માનસિકતા કે માઇન્ડસેટ બદલવાની જરૂર છે. બીજું એક ભવમાં બે ભવ ન થાય તેવા માનસિક મંદવાડનો ઈલાજ કરવાની જરૂર છે. ત્રીજું છૂટાછેડા લેનારનો કોઇ પણ સ્તરે તિરસ્કાર ન કરવો. આ પ્રક્રિયામાં યેનકેન પ્રકારેણ તમામ પ્રકારની મદદ કરવી. લગ્ન પ્રસંગે થતા કુરિવાજો નાબૂદ કરવા, લગ્ન પાછળ થતા ખર્ચને ઘટાડવા સમુહ લગ્નોનું આયોજન થાય છે તેમ સમુહ લગ્ન વિચ્છેદ સમારાહોનું આયોજન કરવું આપ્રકારનું આયોજન કરે તેવી સંસ્થાઓને રોકડ સહાય આપવી. લગ્નવિચ્છેદના વિકાસ માટે લગ્ન વિચ્છેદ વિકાસ બોર્ડની રચના કરવી. બેક્રૂબલ યોજના લોનમેળાનું આયોજન કરવું વગેરે."મેં છૂટાછેડા પ્રવૃત્તિના વિકાસનો રોડમેપ કે બ્લુપ્રિન્ટ રજૂ કરી."ગિરધરભાઇ. તમે જે કહો છો તેનું જાતે પાલન કરો. પેલું કહે છે ને કે ચેરિટી બીગીન્સ એટ હોમ. તમે છૂટાછેડા લઇ સમાજમાં દાખલો બેસાડો."આન કહીને આંખ મિચકારીને રાજુ ફૂસ કરીને હસી પડ્યો.

હું પહેલીવાર અહિંસાનો પુજારી મટી ઢેખાળો લઇ રાજુની પાછળ પડયો!!!


ભરત વૈષ્ણવ

૧૭.૧૨.૨૦૨૨.#

હાસ્યલેખ

# ઈર્ષ્યા કરવી એ માનવનો સહજ સ્વભાવ છે

ઈર્ષ્યા કરવી એ માનવનો જન્મજાત સ્વભાવ છે. કોઈપણ વ્યક્તિ ઈર્ષ્યાથી પર નહીં હોય, જાણે અજાણે દરેક વ્યક્તિથી કોઈ ને કોઈ વ્યક્તિની ચોક્ક્સપણે ઈર્ષ્યા થઈજ જાય છે.એટલું જરૂર છે કે કોઈ વ્યક્તિમાં ઈર્ષ્યાનું પ્રમાણ વધારે હશે તો કોઈ વ્યક્તિમાં ઓછું હશે, પરંતુ કોઈ પણ વ્યક્તિ છાતી ઠોકીને પ્રમાણિકપણે નહીં કહીં શકે કે તે પોતે ઈર્ષ્યાળુ નથી અથવા એણે ક્યારે પણ કોઈની ઈર્ષ્યા કરી નથી. ઈર્ષ્યાનું મૂળ ઉદ્દગમ સ્થાન અસંતોષ છે. માણસમાં જ્યારે અસંતોષનો ભાવ જાગે છે, પછી ધીમે ધીમે તે ઈર્ષ્યામાં પરિવર્તિત થઈ જાય છે. ઈર્ષાળુ વ્યક્તિ આપણને દરેક જગ્યાએ જોવા મળે



છે, પછી તે ઘર હોય, કુટુંબ હોય, આડોશી પડોશી હોય, નોકરી કે ધંધાનું સ્થળ હોય કે પછી મિત્રો હોય દરેકને ક્યારેક તો ઈર્ષ્યાના ભોગ બનવું જ પડ્યું હશે.દા.ત ઘરમાં માતા-પિતા નાના પુત્ર ઉપર વધારે વહાલ વરસાવતાં હશે કે કોઈ વસ્તુ નાનાભાઈ ને અપાવશે તો મોટાભાઈને તરતજ ઈર્ષ્યા થઈ જશે. બાજુમાં રહેતો પડોશી કાર ખરીદશે કે પોતાના ઘરમાં અવનવી સજાવટ કરશે તો તેનો પડોશી ઈર્ષ્યાથી બળી જશે.

સરકારી કે ખાનગી કંપનીમાં નોકરી કરતા બે કર્મચારીઓ એક સરખું જ્ઞાન, આવડત અને કૌશલ્ય ધરાવતા હોય, બન્નેનું કામ તથા જવાબદારી એકસરખાં જ હોય અને જો ' અ' નામના કર્મચારીને પ્રમોશન કે પગાર વધારો મળશે તો 'બ' નામનો કર્મચારી ઈર્ષ્યાથી બળી જશે. બે મિત્રોમાં એક મિત્રની પત્ની સાધારણ દેખાવની હશે અને બીજા મિત્રની પત્ની ખૂબસૂરત અને એકદમ દેખાવડી હશે તો જેની સાધારણ દેખાવની પત્ની છે એ મિત્ર રૂપાળી પત્નીવાળા મિત્રની જરૂરથી ઈર્ષ્યા કરે છે. એવું નથી કે ઈર્ષ્યા મનમાં ને મનમાં થાય છે, કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ પાસે જઈને પણ ઈર્ષ્યાની આગ ઑકે છે.

કહેવાય છે કે, દેવો પોતે પણ ક્યારેય ઈર્ષ્યાથી પર રહ્યા નથી અને ઘણાં પ્રસંગો એવા બન્યાં છે કે જાણેઅજાણે એક દેવથી બીજા દેવની ઈર્ષ્યા થયેલી છે. દક્ષ પ્રજાપતિએ પોતાની ૨૪ પુત્રીઓનું પાણિગ્રહણ ચંદ્ર સાથે કરાવ્યું હતું , પરંતુ ચંદ્રને તો ૨૪ પત્નીઓમાંથી રોહિણી પ્રત્યે સૌથી વિશેષ પ્રેમ અને લગાવ હતો, આથી સ્ત્રી સહજ ઈર્ષ્યાથી પીડાઈને બાકીની ૨૩ બહેનોએ દક્ષરાજાને ચંદ્ર વિરુદ્ધ ફરિયાદ કરી હતી અને દક્ષરાજાએ ચંદ્રને શાપ આપ્યો હતો. રૂક્મણિએ રાધાજીની ઈર્ષ્યા કરી હતી તો દ્રૌપદી એ સુભદ્રાની ઈર્ષ્યા કરી હતી.

વિશ્વામિત્ર ઋષિએ પણ મુનિવર વશિષ્ઠની ઈર્ષ્યા કરી હતી. અર્જૂને એકલવ્યની ઈર્ષ્યા કરી હતી. ઈર્ષ્યાની લાયમાં કેટલાંય યુદ્ધો અને ધિંગાણાઓ થઈ ગયા અને કેટલીય જાનહાનિ થયેલી છે. આમ ઈર્ષ્યા કરવાની પરંપરા યુગો પુરાણી છે.

કહેવાય છે કે પુરૂષો કરતાં સ્ત્રીઓમાં ઈર્ષ્યાનુ પ્રમાણ વધારે હોય છે. અરે, એક બહેન પણ પોતાની નાની કે મોટી બહેનની ઈર્ષ્યા કરવામાં જરાય પાછીપાની કરતી નથી. ઈર્ષ્યા એટલે અદેખાઈ (કોઈનું સારું કે સુખ જોઈ કે ખમી ન શકાય એવો અંતરનો મનોભાવ) .

આપણાં જ્ઞાની, ધ્યાની મહાપુરૂષો તથા ઋષિમુનિઓએ ઈર્ષ્યાને આગ સાથે સરખાવી છે. આગ તો માણસને એકજ વાર બાળી મૂકે છે, જયારે ઈર્ષ્યાની આગ માણસને જીવે જાગે ત્યાં સુધી બાળતી રહે છે. ઈર્ષા કે અદેખાઇ કરવાથી ઈર્ષાળુ વ્યક્તિ પોતાનું જ પતન નોતરે છે.

(ખાઈમાં પડેલો વ્યક્તિ કદાચ બચી શકે, પરંતુ અદેખાઈમાં પડેલો વ્યક્તિ ક્યારેય ન બચી શકે).

યોગેશભાઈ આર જોશી

હાલોલ, જી.પંચમહાલ

# પાકિસ્તાનના વિદેશમંત્રીએ પીએમ નરેન્દ્ર મોદી પર અભદ્ર ટિપ્પણી કરવાના વિરોધમાં દેશભરમાં ભાજપ વિરોધ

### ગુજરાતમાં બિલાવલ ભુટ્ટોની આગ ફેલાઈ, ઠેરઠેર ભુટ્ટોનું પૂતળું બાળ્યું, પાકિસ્તાન હાય હાયના નારા લાગ્યા

નવીદિલ્હી,તા.૧૭

ભારતીય જનતા પાર્ટીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીની 'અપમાનજનક' ટિપ્પણી સામે આજે (૧૭ ડિસેમ્બર) દેશવ્યાપી વિરોધ કર્યો હતો. ભાજપ દ્વારા ×દેશભરના તમામ રાજ્યોની રાજધાનીઓમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતાં જેમાં ભાજપના કાર્યકર્તાઓ પાકિસ્તાન અને પાકિસ્તાનના વિદેશ મંત્રીના પૂતળાનુ દહન કર્યા હતાં. ભાજપે પીએમ મોદી વિરુદ્ધ બિલાવલ ભુટ્ટોની ટિપ્પણીને અત્યંત અપમાનજનક અને કાયરતાથી ભરેલી ગણાવી છે. ભાજપે કહ્યું કે આ ટિપ્પણી પાકિસ્તાનની ઘટી રહેલી અર્થવ્યવસ્થા, પાકિસ્તાનમાં અરાજકતાથી વૈશ્વિક ધ્યાન હટાવવા માટે કરવામાં આવી છે.

ભાજપના કાર્યકર્તાઓએ પાકિસ્તાનના વિદેશ મંત્રીના નિવેદન સામે દિલ્હીમાં પાકિસ્તાનની હાઈ કમિશનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપે આરોપ લગાવ્યો કે નિવેદનનો હેતુ વિશ્વને ગેરમાર્ગે દોરવાનો, પાકિસ્તાનની કથળતી અર્થવ્યવસ્થા, પાકિસ્તાનમાં અરાજકતા, પાકિસ્તાન અને સેના વચ્ચે વધતા મતભેદો, તેના બગડતા વૈશ્વિક સંબંધોથી વિશ્વનું ધ્યાન હટાવવાનો છે. ભાજપે કહ્યું કે




ભારતની વિદેશ નીતિની વૈશ્વિક સ્તરે પ્રશંસા થઈ રહી છે, જયારે પાકિસ્તાનને નાના દેશો તરફથી પણ પ્રતિક્રિયાનો સામનો કરવો પડી રહ્યો છે.બીજેપીએ કહ્યું, ×એક તરફ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે, જેમના નેતૃત્વમાં ભારતે વિવિધ વૈશ્વિક મંચો પર અમીટ છાપ છોડી છે. બીજી તરફ, પાકિસ્તાન છે, જેને વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો પર ઉપહાસ અને અપમાનનો સામનો કરવો પડ્યો છે. એક તરફ ભારતની વિદેશ નીતિની વૈશ્વિક સ્તરે પ્રશંસા થઈ રહી છે તો બીજી તરફ પાકિસ્તાનને નાના દેશોના વિરોધનો પણ સામનો કરવો પડી રહ્યો છે.પ્રધાનમંત્રી મોદી અંગે અણછાજતી ટિપ્પણીથી બિલાવલ ભુટ્ટો સામે ગુજરાત સહિત દેશભરમાં રોષ ફાટી નીકળ્યો છે. ભાજપના કાર્યકરોએ ઠેરઠેર વિરોધ પ્રદર્શન કર્યું છે. અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં બિલાવલ ભુટ્ટોના પૂતળાનું દહન કરવામાં આવ્યું છે. ગુજરાત ભાજપના નેતાઓએ રાજ્યપાલને મળીને આવેદન પત્ર પણ આપ્યું હતું

ભાજપના કાર્યકરોએ અમદાવાદમાં કલેક્ટર કચેરી બહાર પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કરી કાર્યકરોએ પૂતળા દહન કર્યુ હતું. તો રાજકોટમાં પણ પાકિસ્તાનનો વિરોધ કરાયો. પાકિસ્તાનનાં વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટોનું પૂતળા દહન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ધારાસભ્યો, કાર્યકરોએ ઉપસ્થિત રહી પાકિસ્તાન હાય હાયના નારા લગાવ્યા હતા. તેઓએ બિલાવલ ભુટ્ટોનું નિવેદન પાકિસ્તાનની માનસિકતા દર્શાવતુ હોવાના આક્ષેપ કર્યા. વડોદરામાં પાકિસ્તાનનાં વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોનું પૂતળાદહન કરાયું. પૂતળાં દહન કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્યો, મેયર, કોર્પોરેટરો સહિતના નેતા હાજર રહ્યા હતા.

પાકિસ્તાનના વિદેશ મંત્રી બીલાવલ ભુટ્ટોએ નરેન્દ્ર મોદી પર વિવાદિત ટિપ્પણી કરી હોવાને લઈને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે સુરતમાં આ બાબતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી. આર પાટીલ દ્વારા એક મોટું નિવેદન આપવામાં આવ્યું હતું. સી.આર. પાટીલે નિવેદન આપ્યું કે, પાકિસ્તાનની આર્થિક સ્થિતિ કથળી ગઇ છે. ભિખારી કરતા પણ નબળી આર્થિક પરિસ્થિતિ છે પાકિસ્તાનની થઈ ગઈ છે. પોતાના વિદેશોમાં રહેલા બિલ્ડીંગો પણ પાકિસ્તાન વેચી રહ્યું છે. પોતાના દેશના ગધેડાઓને વેચીને પણ પાકિસ્તાન પોતાના દેશનું ગુજરાન ચલાવવાનો પ્રયત્ન કરે છે. આજ બતાવે છે કે પાકિસ્તાનની પરિસ્થિતિ કેટલી નબળી છે. આતંકવાદીઓને પ્રોત્સાહિત કરવા અને તેને આશરો આપે તેના જ કારણે પાકિસ્તાનની સ્થિતિ નબળી છે. તેના કારણે પાકિસ્તાનના નાગરિકો પણ તેનો ભોગ બની રહ્યા છે અને તેના કારણે પાકિસ્તાનને નુકસાન થઈ રહ્યું છે. કમનસીબે આપણી બાજુના દેશ આતંકવાદીઓને પ્રોત્સાહિત કરે છે અને તે આર્થિક ખરાબ પરિસ્થિતિમાં આવી રહ્યો અને તેના કારણે દેશના વડાપ્રધાન વિશે આવું બોલે છે. તેના કારણે લોકોમાં પાકિસ્તાન અને બિલાવલ ભુટ્ટો વિરુદ્ધની ભાવના આવે છે.આમ, બિલાવલ ભુટ્ટોના નિવેદનથી ભાજપ સહિત દેશવાસીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રીની મોદી પર આપત્તિજનક ટિપ્પણીને પગલે જમ્મુ-કાશ્મીરમાં પણ વિરોધ જોવા મળ્યો.

# તેલંગણામાં ભાજપ પર ધારાભ્યોની ખરીદ વેચાણનો આરોપ લગાવનાર ધારાસભ્યને ઇડીનું સમન્સ

**ઇડીએ મારા વ્યવસાયો મારા અને મારા પરિવારના સભ્યોના બેંક એકાઉન્ટનું વિવરણ માંગ્યુ છે : રોહિત રેડ્ડી**

હૈદરાબાદ,તા.૧૭

તેલંગણામાં ભાજપ પર ધારાસભ્યોની ખરીદ વેચાણનો આરોપ લગાવનારક ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ના ધારાસભ્ય રોહિત રેડ્ડીને ઇડીએ સમન્સ મોકલ્યું છે.રોહિતે આ મામલાની ફરિયાદ કરી હતી તેમનું કહેવુ છે કે ઇજીએ તેમની પાસે તેમની સંપત્તિનું વિવરણ માંગ્યું છે. તેમણે કહ્યું કે ઇડાએ મારા વ્યવસાયો,મારૂ અને મારા પરિવારના સભ્યોન બેંક એકાઉન્ટનું વિવરણ માંગ્યું છે નોટિસમાં તેનો ઉલ્લેંખ પણ નથી કે મને કયાં મામલામાં સમન્સ મોકલવામાં આવ્યું છે. જયારે તેલંગણા ભાજપના પ્રમુખ નંદી સંજય કુમાર અનેક દિવસોથી આરોપ લગાવી રહ્યાં હતાં કે તંદુરના ધારાસભ્ય રોહિત રેડ્ડી ગેરકાયદેસર ડ્રગ્સના ધંધા અને મની લોન્ડ્રીંગમાં સામેલ છે.

એ મેજીસ્ટ્રેટે વિશેષ તપાસ ટીમની વિનંતી પર ધારાસભ્યનું નિવેદન નોંધ્યું છે આ ટુકડી એ આરોપની તપાસ કરી રહી છે કે ભાજપના ત્રણ ધારાસભ્ય રામચંદ્ર ભારતી ઉર્ફે સતીશ શર્મા,નંદકુમાર અને સિંહયાજી સ્વામીએ રોહિત રેડ્ડી અને ત્રણ અન્ય બીઆરએસ ધારાસભ્યોને લાંચની પેશકશ કરી ભાજપમાં સામેલ કરવાનો પ્રયાસ કર્યો હતો.


મામલામાં ચાર્જશીટ જારી થયા બાદ અદાલત દ્વારા એ વાતની તપાસ કરવામાં આવી કે ત્રણ લોકોએ ધારાસભ્યોથી કેવી રીતે સંપર્ક કર્યો અને પૈસાની પેશકશ કરી.અભિનેતાથી રાજનેતા બનેલ ચિરંજીવી દ્વારા બનાવવામાં આવેલ પ્રજા રાજયમ પાર્ટીની સાથે પોતાના રાજનીતિક કેરિયરની શરૂઆત કરનાર રોહિત રેડ્ડી એવરેસ્ટ ઈફ્રાં વેંચર્સ(ઇન્ડિયા) પ્રાઇવેટ લિમિટેડમાં નિર્દેશક છે. એસઆઈટીએ પહેલા ભાજપ નેતા બી એલ સંતોષને ૨૧ નવેમ્બરે પુછપરછ માટે પેશ થવા માટે નોટીસ જારી કરી હતી પરંતુ તેઓ હાજર થયા ન હતાં બાદમાં અદાલતના નિર્દેશના આધાર પર એસઆઇટીએ સંતોષને ૨૬ અથવા ૨૮ નવેમ્બરે હાજર થવા માટે ફરીથી નોટીસ જારી કરી હતી. ભ્રષ્ટ્રાચાર નિરોધક બ્યુરોની એક વિશેષ અદાલતે જયાં ૭ ડિસેમ્બરે એસઆઇટીની તે અરજીને રદ કરી દીધી હતી જેમાં સંતોષ અને ત્રણ અન્યને મામલામાં આરોપી બનાવ્યા હતાં રાજય સરકારે તેને હાઇકોર્ટમાં પડકાર્યો હતો જેની દલીલો સાંભળ્યા બાદ મામલાને ૨૧ ડિસેમ્બર સુધી સ્થગિત કરી દેવામાં આવ્યો હતો પરંતુ તેલંગણા હાઇકોર્ટે સંતોષની જારી નોટિસ પર ૨૨ ડિસેમ્બર સુધી માટે રોક લગાવી દીધી હતી

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG SS No -123
નામઃ દિવ્યા દેઢિયા
ઉપનામઃ 'દિવ્ય'
શબ્દઃ સહેલગાહ

શીર્ષકઃ છે એક સહેલગાહ
રચનાઃ
માનો તો જિંદગી છે એક સહેલગાહ.
સુખમાં સાદગી છે એક સહેલગાહ.
મન ના ભારને બહુ ગણકાર્યા વિના.
ચહેરા પર તાજગી છે એક સહેલગાહ.
ઈશ્વર,અલ્લાહ ભજવા સાચા દિલથી.
બે ઘડી બંદગી છે એક સહેલગાહ.
કુટુંબથી બને ઘર હર્યું ભર્યું ચહેકતું.
પોતીકાની કાળજી છે એક સહેલગાહ.
હૃદય ઉપવન મહેકે'દિવ્ય'વસંતમાં.
યાદ રંગબેરંગી છે એક સહેલગાહ.
દિવ્યા દેઢિયા 'દિવ્ય'

---

NOG S S N0 : 089
નામ પ્રવિણા કડકિઆ
વિષય : સહેલગાહ
શીર્ષક : ચાલ જઈએ
————
ચાલને જઈએ સંગે કરવાને સહેલગાહ
હું અને તું સંગે તારી કૂતુહલતા
——-
ઠંડીની મોસમ તને લપેટયો શાલમાં
આરામથી ફરીશું માણીશું સહેલગાહ
——
મુખ પર સ્મિતને નેણમાં રમે પ્રશ્ન

તારી સંગે ગમે મને કરવી સહેલગાહ
—
કુદરતને ખોળે તારું કિલકિલાટ હાસ્ય

નિરખી મન પ્રસન્ન કરીએ સહેલગાહ
—-
રોજનો આ સમય કદી ના ચૂકતા
થનગનતા પગ તારા કરવા સહેલગાહ


—-
જગત ઝંઝાળની કદી કરું ન પરવા
તારું વહાલ પામું કરતી સહેલગાહ
——
કુદરત સંગે તાર સાંધતા સાંધતા
બાબાગાડીમાં તને કરાવું સહેલગાહ
—-
પ્રવિણા અવિનાશ.હ્યુસ્ટન

### વિક્લી માર્કેટ રિપોર્ટ

# ક્રૂડ ઓઈલના વાયદામાં બેરલદીઠ રૂ.૪૧૮નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

## ચાંદીનો વાયદો રૂ.૬૯ હજારના સ્તરને પારઃ સોનું રૂ.૫૬ સુધર્યુંઃ કોટનમાં નરમાઈનો માહોલઃ નેચરલ ગેસ, મેન્થા તેલમાં સુધારોઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૫૨૧૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૪૧૫૯૮ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૯૮ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૯થી ૧૫ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન ૫૬,૬૭,૧૧૪ સોદાઓમાં કુલ રૂ.૪,૬૭,૨૦૮.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૨૫,૨૧૨.૩૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૪૧,૫૯૭.૯૨ કરોડનો હતો.




સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૭૧,૪૬૫ સોદાઓમાં કુલ રૂ.૫૪,૬૨૩.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૪,૨૬૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫,૦૪૭ અને નીચામાં રૂ.૫૩,૮૮૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૬ વધી રૂ.૫૪,૧૦૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૧૧ વધી રૂ.૪૩,૪૯૦ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ વધી રૂ.૫,૩૩૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩,૮૬૦ના ભાવે ખૂલી, રૂ.૫૪ વધી રૂ.૫૩,૭૯૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૭,૩૬૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૯,૫૭૫ અને નીચામાં રૂ.૬૬,૮૯૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૮૪ વધી રૂ.૬૭,૮૧૮ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૮૦૯ વધી રૂ.૬૭,૮૧૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૮૨૨ વધી રૂ.૬૭,૮૧૯ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ ખાતે ૧,૧૩,૬૮૮ સોદાઓમાં રૂ.૧૮,૬૯૬.૬૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૫.૩૫ ઘટી રૂ.૨૧૦.૧૦ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૪.૦૦ ઘટી રૂ.૨૮૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૬૫ ઘટી રૂ.૭૦૨.૨૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૮૫ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૬,૯૩,૮૫૯ સોદાઓમાં કુલ રૂ.૫૧,૬૨૩.૨૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫,૯૭૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૪૩૩ અને નીચામાં રૂ.૫,૮૩૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૪૧૮ વધી રૂ.૬,૩૮૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭૩.૧૦ વધી રૂ.૫૭૬.૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન ૩,૬૪૧ સોદાઓમાં રૂ.૨૬૯.૪૦ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૭૨૩.૫૦ બંધ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૨૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૧,૮૨૦ અને નીચામાં રૂ.૩૧,૦૮૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૦ ઘટી રૂ.૩૧,૧૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૨.૧૦ વધી રૂ.૧૦૧૬.૫૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૮,૦૧૯.૪૫ કરોડનાં ૩૩,૧૬૮.૬૬૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૬,૬૦૩.૬૪ કરોડનાં ૫,૩૬૩.૨૬૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૨૧,૭૮૫.૬૯ કરોડનાં ૩,૫૩,૦૪,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૯,૮૩૮ કરોડનાં ૫ ૫ ૦ ૨ ૫ ૨ ૫ ૦ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૯૬.૫૦ કરોડનાં ૬૨૫૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭૨.૮૭ કરોડનાં ૭૨૪.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૦૯૧.૦૮૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૯૭.૧૪૭ ટન, ક્રૂડ તેલમાં ૧૨૧૮૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૯૬૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૬૧૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૬.૧૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૩૯૮.૦૫ કરોડનાં ૫,૨૩૯ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૫,૧૧૯ના સ્તરે ખૂલી, ૪૫ પોઈન્ટ વધી ૧૫,૧૨૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩,૪૧,૫૯૭.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૧૫૪.૩૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૭૪૭.૦૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૮૧,૦૧૮.૪૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧,૬૪૯.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

## આંધ્રમાં ટીડીપી વાયએસઆર કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ, તોડફોડ,આગજની

હૈદરાબાદ,તા.૧૭


આંધ્રપ્રદેશના પલનાડુ જિલ્લામાં શુક્રવારે સાંજે તેલુગુ દેશમ પાર્ટી ટીડીપી અને વાયએસઆરસીપી કોંગ્રેસ પાર્ટી ના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. મામલો વધતો જોઈને પોલીસે બળપ્રયોગ કરીને ભીડને હટાવી સ્થિતિ પર નિયંત્રણ મેળવ્યું હતું. હાલમાં માચેરલામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે.

ટીડીપી કાર્યકર્તાઓ અહીંના માચેરલા ગામમાં વાયએસઆરસીપી સરકાર વિરુદ્ધ રેલી કરવા જઈ રહ્યા હતા, જ્યારે બંને પક્ષોના કાર્યકરો એકબીજા સાથે ઘર્ષણ થતાં સામસામે પથ્થરમારો થયો હતો. એમાં બંને તરફના લોકોને ઈજા થઈ હતી. હિંસક અથડામણમાં અનેક મકાનો અને વાહનોને આગ ચાંપવામાં આવી હતી. હવે બંને પક્ષો એકબીજા પર હિંસા ભડકાવવાનો આરોપ લગાવી રહ્યા છે. ટીડીપીનું કહેવું છે કે વાયએસઆરસીપીના કાર્યકર્તાઓએ તેમની ઓફિસ અને નેતાઓના વાહનને આગ લગાડી હતી, જ્યારે શાસક પક્ષનું કહેવું છે કે તેલુગુ દેશમ પાર્ટીના કાર્યકર્તાઓએ અથડામણમાં તેના કાર્યકરોને ઈજા પહોંચાડી હતી.

ટીડીપીના વડા અને આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ ગુંટૂરના ડીઆઈજીને હુમલા અંગે પૂછ્યું છે કે જ્યારે માચેરલામાં સ્થિતિ આટલી ગંભીર બની ગઈ છે ત્યારે પોલીસે કેમ કાર્યવાહી ન કરી? સ્થાનિક ધારાસભ્ય પિન્નેલી રામકૃષ્ણન રેડ્ડીના ભાઈ વેંકટરામી રેડ્ડીએ જણાવ્યું હતું કે વાયએસઆરસીપી કાર્યકર્તાઓએ માત્ર તેમના પક્ષના નેતાઓની જ નહીં, પરંતુ ટીડીપી સમર્થકોની કારને પણ આગ ચાંપી હતી અને દુકાનો પણ સળગાવી હતી.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે શાસક પક્ષના કાર્યકર્તાઓ તોફાન પર ઊતરી ગયા હતા ત્યારે સ્થાનિક પોલીસ ચૂપચાપ જોઈ રહી હતી અને તેમને રોકવાનો કોઈ પ્રયાસ કર્યો નહોતો.

# રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી, વાયનાડથી ચૂંટણીને પડકારતી અરજી ફગાવી





નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે કેરળના વાયનાડ લોકસભા મતવિસ્તારમાંથી ૨૦૧૯માં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ચૂંટણીને પડકારતી અરજીને ફગાવી દીધી છે. જસ્ટિસ એએસ બોપન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે સરિતા એસ નાયર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી, જેમણે કેરળ હાઈકોર્ટના ૩૧ ઑક્ટોબર, ૨૦૧૯ના આદેશ સામે સર્વોચ્ચ અદાલતમાં પ્રવેશ કર્યો હતો, જેના દ્વારા વાયનાડ અને એર્નાકુલમમાં લોકસભાની ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવી હતી.૨ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ, રાહુલ ગાંધીની ચૂંટણીને પડકારતી નાયરની અરજી સર્વોચ્ચ અદાલત દ્વારા બિન-કાયદો ચલાવવા માટે ફગાવી દેવામાં આવી હતી. બાદમાં, અરજીને પુનઃસ્થાપિત કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. શુક્રવારે જ્યારે આ મામલો કોર્ટ સમક્ષ સુનાવણી માટે આવ્યો, ત્યારે બેન્ચે પુનઃસ્થાપન માટેની અરજીને મંજૂરી આપી. બેન્ચે પોતાના આદેશમાં કહ્યું હતું કે, 'સ્પેશિયલ લીવ પિટિશનને તેના મૂળ નંબર પર પુનઃસ્થાપિત કરવામાં આવે છે. યોગ્યતાના આધારે અરજદારના વિદ્વાન વકીલને સાંભળ્યા પછી, અમને અસ્પષ્ટ આદેશમાં દખલ કરવાનું કોઈ કારણ દેખાતું નથી. તદનુસાર, સ્પેશિયલ લીવ પિટિશન ફગાવી દેવામાં આવે છે. આ મામલો ભારતના તત્કાલિન મુખ્ય ન્યાયાધીશ એસએ બોબડેની આગેવાની હેઠળની ત્રણ જજોની બેંચ સમક્ષ આવ્યો. ત્યારે સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, 'બીજા કોલ પર પણ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોઈ જોડાયું ન હતું.

સ્પેશિયલ લીવ પિટિશન બિન-કાયદો ચલાવવા માટે ફગાવી દેવામાં આવે છે.

વાયનાડ અને એર્નાકુલમ લોકસભા બેઠકો પરથી લોકસભાની ચૂંટણી લડવા માટે નાયરનું નામાંકન પત્રો ૨૦૧૯ માં સંબંધિત રિટર્નિંગ અધિકારીઓ દ્વારા રાજ્યમાં સોલાર કૌભાંડ સંબંધિત બે ફોજદારી કેસોમાં દોષિત ઠરાવ્યા અને સજાને કારણે નકારી કાઢવામાં આવ્યા હતા. હાઈકોર્ટે બે લોકસભા બેઠકો માટે તેમની ચૂંટણીને પડકારતી નાયરની અરજી સ્વીકારી ન હતી, એમ કહીને તેમના નામાંકન પત્રો નકારી કાઢવામાં આવ્યા હતા કારણ કે બે ફોજદારી કેસોમાં સજા સસ્પેન્ડ કરવામાં આવી ન હતી. કોર્ટે કહ્યું હતું કે એપેલેટ કોર્ટે માત્ર કેસોમાં સજાને સ્થગિત કરી છે.હાઈકોર્ટે કહ્યું હતું કે અપીલ અરજીમાં માંગવામાં આવેલી રાહત પરથી સ્પષ્ટ થાય છે કે નાયરે માત્ર સજા પર સ્ટે માંગ્યો હતો અને દોષિત ઠરાવવાનો સ્ટે માંગ્યો ન હતો. નાયરના નામાંકન પત્રોને લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૮(૩) હેઠળ નકારી કાઢવામાં આવ્યા હતા, જે ફોજદારી કેસમાં દોષિત ઠેરવવાના આધારે ગેરલાયક ઠેરવવા માટે સૂચવવામાં આવ્યું હતું.

## ક્રિસમસ અને નવા વર્ષની મજા ગોવામાં ફિક્કી રહેશે, આખી રાત લાઉડ મ્યુઝિક નહી વાગે

પણજી,તા.૧૭

શિયાળાની રજાઓ પડી ગઈ છે. તમે પણ ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી માટે કોઈ સુંદર જગ્યા શોધી રહ્યા હોવ અથવા નક્કી કર્યું હશે. જ્યાં તમે આખી રાત પાર્ટી કરી શકો છો. આ પ્રસંગે ગોવામાં ઘણી વાર પ્રવાસીઓની ભીડ રહેતી હોય છે. આ તારીખો માટે બુકિંગ મહિનાઓ અગાઉથી કરવામાં આવે છે. છેલ્લી ઘડીએ તમામ હોટલો અને રિસોર્ટ ભરાઈ ગયા છે. પરંતુ જો તમે પણ ગોવામાં આખી રાત પાર્ટી કરવા માંગતા હોવ અને લાઉડસ્પીકર પર ડાન્સ કરવા માંગતા હોવ તો અટકી જાવ, ગોવા સરકારે મધ્યરાત્રિ પછી લાઉડ મ્યુઝિક પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે.

સરકારે અમુક દિવસોમાં સવારે ૬ વાગ્યા સુધી સંગીતની છૂટ આપતો અગાઉનો કાયદો પાછો ખેંચી લીધો છે. હવે આ નિર્ણય બાદ ક્રિસમસ અને નવા વર્ષની રજાઓ પહેલા સેંકડો હોટલ, રિસોર્ટ અને પાર્ટી પ્લેસની યોજનાઓ જોખમમાં મુકાઈ ગઈ છે. દરિયાકાંઠાના રાજ્ય માટે આ સિઝન સૌથી ખાસ છે. અગાઉ કેટલાક તહેવારો પર લાઉડસ્પીકર માટે પરવાનગી લીધા બાદ સવારે છ વાગ્યા સુધી પરવાનગી આપવામાં આવતી હતી. તાજેતરના નિર્ણય મુજબ હવે મધરાત ૧૨ સુધી પરવાનગી આપવામાં આવશે.

સામાન્ય દિવસોમાં રાત્રે ૧૦ વાગે લાઉડ મ્યુઝિક બંધ કરવું પડે છે. સરકારે ખાસ તહેવારોની સંખ્યામાં પણ ઘટાડો કર્યો છે. ગુરુવારે સાંજે, ગોવા સરકારે ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ જારી કરેલા તેના આદેશમાં ફેરફાર કર્યો, જેમાં વર્ષના ૧૭ દિવસ દરમિયાન આખી રાત સંગીત વગાડવાની મંજૂરી આપવામાં આવી હતી. બોમ્બે હાઈકોર્ટની ટિપ્પણી બાદ આ પગલું લેવામાં આવ્યું છે. જેમાં મોડી રાત સુધી પાર્ટીઓમાં થતા ઘોંઘાટને કારણે અવાજનું પ્રદૂષણ ન થાય તેની સરકારે ખાતરી કરવી જોઈએ તેમ જણાવાયું હતું.

આ નિર્ણયથી હોટેલ, ક્લબ અને રિસોર્ટના માલિકોમાં વિરોધ થયો હતો, જેમને શિયાળાની પ્રવાસી મોસમમાં વધતા નુકસાનનો ભય હતો. આ દિવસોમાં લાખો વિદેશી અને સ્થાનિક પ્રવાસીઓ ગોવાની વાઈબ્રન્ટ નાઈટલાઈફ અને બીચ પાર્ટીઓ માટે મુલાકાત લે છે. ખાસ કરીને ક્રિસમસ અને નવા વર્ષ દરમિયાન અહીં ભારે ભીડ જોવા મળે છે.

ઉત્તર ગોવામાં એક લોકપ્રિય ક્લબના માલિક નંદન કુડચડકરે જણાવ્યું હતું કે, "ગોવા એક એવું રાજ્ય છે જે પ્રવાસીઓને આકર્ષે છે અને ખાતરી કરે છે કે પ્રવાસીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે. બીજેપી ધારાસભ્ય માઈકલ લોબોએ કહ્યું કે અમે ચોક્કસપણે આનો ઉકેલ શોધીશું. તે પ્રવાસન સ્થળ તરીકે ગોવાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે અને અમે તેમને નિરાશ કરવા માંગતા નથી.

## ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન ૫૦ મોડલ સ્કુલોનું ઉદ્‌ઘાટન કરશે

રાંચી,તા.૧૭

ઝારખંડમાં ૨૯ ડિસેમ્બરે ૫૦ મોડલ સ્કુલોની શરૂઆત થશે મુખ્યમંત્રી હેમંત સોરેન આ સ્કુલોનું ઉદ્‌ઘાટન કરશે આ માહિતી પ્રદેશના શિક્ષણ મંત્રી જગરનાથ મહંતોએ રાજધાની રાંચીની હોટલ રેડિસન બ્લુમાં સેવ ધ ચિલ્ડ્રેન તરફથી આયોજીત એક કાર્યક્રમને સંબોધિત વખતે આપી હતી

ઝારખંડના બાળકોને સારા શિક્ષણ આપવાનો હેતુથી સેવ ધ ચિલ્ડ્રેન તરફથી કરવામાં આવેલ પ્રયાસો અને તેના પરિણામો પર ચર્ચા માટે આયોજીત કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીએ કહ્યું કે અમે કહ્યું હતું કે સરકારી સ્કુલોના બાળકો પ્રાઈવેટ સ્કુલોના બાળકોને ટકકર આપશે. આ વખતના પરિણામે અમે તેને સાબિત થયું છે.

તેમણે કહ્યું કે પ્રદેશમાં ૮૦ મોડલ સ્કુલો બનાવવામાં આવી રહી છે ૫૦ સ્કુલ બની તૈયાર છે. ૨૯ ડિસેમ્બરે મુખ્યમંત્રી હેમંત સોરેન તેનું ઉદ્‌ઘાટન કરશે જો કે તેમણે એ જણાવ્યું નહીં કે આ સ્કુલ કયાં કયાં જીલ્લામાં ખુલશે તેમણે કહ્યું કે તેની યાદી તાકિદે જારી કરી દેવામાં આવશે તેમણે કહ્યું કે ઝારખંડમાં જે મોડલ સ્કુલ ખુલી રહી છે તેમાં ગરીબ પરિવારના બાળકો જે ભણવા માંગશે તે ભણી શકશે તે ક્ષેત્રીય ભાષામાં અભ્યાસ કરવા ઈચ્છશે તો તેમને ક્ષેત્રીય ભાષામાં અભ્યાસ કરાવવામાં આવશે હિન્દી મીડિયમમાં ભણવા ઈચ્છે તો તેમનો અભ્યાસ હિન્દીમાં થશે જો તે અંગ્રેજીમાં અભ્યાસ કરવા ઈચ્છશે તો તે પણ ભણી શકશે

જગરનાથ મહંતોએ કહ્યું કે હવે ગરીબ પરિવારના બાળકોને અભ્યાસ બાબતમાં વિચારવું પડશે નહીં ઝારખંડ તેમના તમામ અભ્યાસની વ્યવસ્થા કરશે તેમણે કહ્યું કે એવું જોવામાં આવી રહ્યું છે કે અંગ્રેજી મીડિયમમાં અભ્યાસ થવાને કારણે લોકો સીબીએસઈ બોર્ડ તરફથી આકર્ષિત થઈ રહ્યાં હતાં હવે આપણા ઝારખંડના ગરીબ બાળકો પણ સીબીએસઈના સ્તરનો અભ્યાસ કરી શકશે અમે આવી વ્યવસ્થા કરવા જઈ રહ્યાં છીએ

## પૂર્વ કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી સ્વામી ચિન્મયાનંદ ફરાર જાહેર

શાહજહાંપુર,તા.૧૭

પૂર્વ કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી સ્વામી ચિન્મયાનંદનને ફરાર જાહેર કરી દેવામાં આવ્યા છે.બિન જામીનપાત્ર વોરંટ એટલે કે એનબીડબ્લ્યુ જારી થયા બાદ પણ તે કોર્ટમાં હાજર થયા ન હતાં ત્યારબાદ કોર્ટે કલમ ૮૨ની કાર્યવાહી કરી ચિન્મયાનંદનને ભાગેડુ જાહેર કર્યા છે.એમપી એમએલએ કોર્ટમાં ચિન્મયાનંદની વિરૂધ્ધ કેસ ચાલી રહ્યો છે.હવે ચિન્મયાનંદનની ફરારની નોટીસ આશ્રમમાં લગાવવામાં આવી છે આમ છતાં તેઓ કોર્ટમાં હાજર નહીં થાય તો તેમની વિરૂધ્ધ જપ્તીની કાર્યવાહી કરવામાં આવશે હવે ચિન્મયાનંદને ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ કોર્ટમાં હાજર થવાનું છે. એ યાદ રકહે કે ચિન્મયાનંદની શિષ્ટાએ વર્ષ ૨૦૧૧માં તેમની વિરૂધ્ધ દુષ્કર્મનો કેસ દાખલ કરાવ્યો હતો મામલામાં ચિન્મયાનંદનના વકીલ તરફથી છાત્રા અને તેના દોસ્તોની વિરૂધ્ધ પાંચ કરોડની ખડણી માંગવાનો કેસ દાખલ કરાવવામાં આવ્યો હતો. આ મામલામાં કેસ દાખલ થયા બાદથી લઈ ૨૦૨૨ સુધી ચિન્મયાનંદ એક પણ હાજરીમાં કોર્ટમાં આવ્યા નહીં આથી કોર્ટે આ મામલાને ગંભીરતાથી લઈ ચિન્મયાનંદનની વિરૂધ્ધ બિનજામીન વોરંટ જારી કર્યું હતું. વર્ષ ૨૦૧૭માં ભાજપ સરકાર બન્યા બાદ ચિન્મયાનંદનો આ કેસ પાછો લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોર્ટે લોકહિતથી જોડાયેલ મામલાને માનતા પ્રાર્થનાપત્ર રદ કરી દીધો હતો.

# ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતજી સાથે શુભેચ્છા મુલાકાત કરતા રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયા

### ગૌ સેવાનાં વિવિધ આયામો અંગે વિસ્તૃત ચર્ચાઓ અને માર્ગદર્શન ડો. વલ્લભભાઈ કથીરિયાએ આપ્યું.





ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતજી સાથે રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયા તથા પશુપાલન અને ડેરી મંત્રાલય(ભારત સરકાર)નાં માનદ સલાહકાર મિતલ ખેતાણી જી.સી.સી.આઈ.નાં જનરલ સેક્રેટરી પુરીશ કુમાર, ડૉ એસ.કુમાર(ડાઈરેક્ટર—ટી.ડી.યુ. યુનિવર્સિટી, બેંગલોર) , સુજિત હુકેરિકર (ગૌ સેવક) અને મંથન માંકડ સહિતનાઓ એ શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન ગૌ સેવાનાં વિવિધ આયામો અંગે વિસ્તૃત ચર્ચાઓ અને માર્ગદર્શન ડૉ. વલ્લભભાઈ કથીરિયા એ આપ્યું હતું. તેમણે ગાયના ગોબરમાંથી બનાવેલ ગોમય પ્રોડકસ આપી અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે ગૌ સેવાના વિવિધ પાસાઓ જેવા કે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં ગૌશાળાઓ ખોલવી, યુનિવર્સિટી અને કોલેજોમાં 'કામધેનુ ચેર'ની સ્થાપના કરવી કે જ્યાં ગાયો વિષેની સંપૂર્ણ માહિતી વિષે બાળકો માહિતગાર થાય અને અવનવા સંસોધનો થાય. 'ગૌ વિજ્ઞાન પરીક્ષા'ને પ્રોત્સાહન પૂરું પાડવું તેમજ પ્રધાનમંત્રીશ્રીના 'આત્મ નિર્ભર' ભારત અને 'મેઈક ઈન ઈન્ડિયા' મહાભિયાન ને ધ્યાનમાં રાખી સમગ્ર રાજ્યની ગૌશાળાઓને તથા યુવા—મહિલા ઉદ્યોમીઓ, મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ, સામાજીક, ધાર્મિક સંસ્થાઓ અને ગૌસેવકોને ભારતીય દેશી ગાયોના પંચગવ્યમાંથી વિવિધ પ્રોડકટસ બનાવવામાં તેમજ આ અંગેના ઉદ્યોગો સ્થાપવા આવા અનેક ગૌ સેવાના વિષયો ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ જી.સી.સી.આઈ. (ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રીઝ)ની 'ગૌ ઉદ્યોગ સાહસિકતા' અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ અંતર્ગત ગોવા માટેની ગૌ ઉદ્યમીતા યોજનાઓ અંગે જાણીને ગોવાનાં મુખ્યમંત્રી પ્રમોદ સાવંતજીએ ગૌ આધારિત અર્થ વ્યવસ્થાને અનુમોદના આપી હતી. આ પ્રસંગે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતજી એ ગોવાના પશુપાલન મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓને ખાસ હાજર રખાવી ડૉ. વલ્લભભાઈ કથીરિયા એ આપેલ માર્ગદર્શન મુજબ રાજ્ય માટે જરૂરી સૂચનાઓ આપી હતી. અને આગામી જાન્યુઆરી - ફેબ્રુઆરી -૨૦૨૩માં 'ગૌ આધારિત ઉદ્યોગ' અંતર્ગત વિવિધ પંચગવ્ય નિર્માણ , ઓર્ગેનિક ફાર્મિંગનાં વિષયો પર જી.સી.સી.આઈ. નું માર્ગદર્શન લેવા અંગે પણ સૂચનાઓ પ્રમોદ સાવંતજી એ આપી હતી.

# જૈનોના પવિત્ર યાત્રાધામ પાલિતાણામાં તોડફોડથી સમાજ રોષે ભરાયો, મામલો ગૃહ વિભાગમાં પહોંચ્યો

ભાવનગર,તા.૧૭

પાલિતાણા ગિરિરાજ પર્વત પર ચાલતો વિવાદનો ક્યારે અંત આવશે. ભાવનગર જિલ્લાના પાલીતાણા ગિરિરાજ પર્વત પર સીસીટીવીના થાંભલાની તોડફોડ કરાઈ છે. શેત્રુંજય પર્વત પર આવેલા સૂરજકુંડ ખાતે ઊભા કરાયેલા સીસીટીવી ના થાંભલાની કોઈ શખ્સો દ્વારા તોડફોડ કરાઈ છે. ત્યારે આ સમગ્ર મામલે જૈન સમાજ રોષે ભરાયો છે. તો બીજી તરફ, ગૃહ વિભાગે પણ આ મામલાની ગંભીર નોંધ લીધી છે. ગૃહ વિભાગ દ્વારા ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી.

ગિરિરાજ પર્વત પર વિવાદ જાણે કે શમવાનું નામ નથી લઈ રહ્યો. થોડા સમય અગાઉ પર્વત પર આવેલા શિવ મંદિર મુદ્દે હિન્દુ મંચ દ્વારા લાંબા સમય આંદોલન ચાલ્યું હતું. જેમાં ગુજરાત ભરના સંતો મહંતો શિવ મંદિર બચાવવા આંદોલનમાં જોડાયા હતા અને અંતે સરકારની મધ્યસ્થીથી સમાધાન થયું હતું. ત્યારે હવે પેઢી દ્વારા સૂરજકુંડ ખાતે લગાવવામાં આવેલા સીસીટીવીના થાંભલાઓ નુકશાન કરાતા જૈન સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે શિવ મંદિરના પરિસરમાં પેઢી દ્વારા લોખંડના થાંભલાઓ ઊભા કરી દબાણ કરાતું હોવાની શિવ મંદિરના મહંત દ્વારા અરજી કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. શેત્રુંજય પર્વત પર સુરજકુંડ પાસે સીસીટીવી ઉભા કરાયા હતા. કેટલાક લોકોએ ઝઝૂફ ના પોલ હટાવ્યા છે. ત્યારે સોશિયલ મીડિયામાં તોડફોડની ઘટના પર મહંતે સ્પષ્ટતા કરી છે કે, કોઈ તોડફોડ નથી કરાઈ માત્ર પોલ હટાવવામાં આવ્યા. તો બીજી તરફ, વીજ પોલ હટાવવામાં આવતા જૈન સમાજમાં નારાજગી જોવા મળઈ છે. શિવ મંદિરમાં જૈનો દ્વારા દબાણ કરાતું હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. શિવ મંદિર મુદ્દે હિન્દુ મંચ લાંબા સમયથી આંદોલન ચલાવે છે.

પાલીતાણા ડુંગર પર તોડફોડ મામલો ગૃહ વિભાગ સુધી પહોંચ્યો છે. ગૃહ વિભાગે આ મામલાની ગંભીર નોંધ લીધી છે.ગૃહ વિભાગની ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવાઈ હતી. બેઠકમાં આઈજી એસપીસહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓને હાજર રહેવા સૂચના અપાઈ હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આ બેઠક યોજાશે. બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લઈ શકાય છે. જવાબદારો સામે પગલાં ભરવા ગૃહ રાજ્યમંત્રી આદેશ આપશે. તો બીજી તરફ, શેત્રુંજય પર્વત પર ભગવાન આદિનાથના પગલાં ખંડિત થવાનો મામલે જૈન સમાજ ગિન્નાયો છે. અમદાવાદના તમામ જૈન સંઘોએ તાકીદની બેઠક બોલાવી હતી. જેમાં તમામ જૈન સંઘના એક હજારથી વધુ લોકો એકત્રિત થયા હતા.

## બિલાવલ ભુટ્ટો દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીના વિરોધમાં ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને ભાજપ દ્વારા આવેદનપત્ર અપાયું



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વિરુદ્ધ પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીના વિરોધમાં ગુજરાતના મહામહિમ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. પ્રશાંત કોરાટ, મેયરશ્રી હિતેશ મકવાણા, શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી નરેશ દેસાઈ, મહાનગર ભાજપના મહામંત્રી ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિતના અગ્રણીશ્રીઓની ઉપસ્થિતિમાં આવેદનપત્ર અપાયું હતું.

# આચાર્ય ડો. લોકેશજી અને હિમાચલના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે ઈન્દ્રપ્રસ્થ લિટરેચર ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું

### સારું સાહિત્ય જીવનમાં વિવેકની જાગૃતિ તરફ દોરી જાય છે - આચાર્ય લોકેશજી

### પુસ્તકને મિત્ર બનાવો - રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરજી

ઈન્દ્રપ્રસ્થ લિટરેચર ફેસ્ટિવલ ૨૦૨૨ની ત્રણ દિવસીય ઉજવણીનું ઉદ્‌ઘાટન અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજી, અને હિમાચલના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરજી દ્વારા ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સમાં કરવામાં આવ્યું હતું. કરૂણા ફાઉન્ડેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં અખિલ ભારતીય ઈતિહાસ સંકલનનાં રાષ્ટ્રીય સંગઠન સચિવ બાલમુકુંદ પાંડેજી , કાર્યક્રમ સંયોજક દેવેન્દ્ર પ્રતાપસિંહ તોમરજી , સંયોજક લોકેશ શર્માજી અને દેશભરમાંથી લેખકો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્દ્રપ્રસ્થ લિટરેચર ફેસ્ટિવલના ઉદ્‌ઘાટન સમારોહને સંબોધતા સમારોહના મુખ્ય અતિથિ પૂજ્ય આચાર્ય ડૉ. લોકેશજીએ કહ્યું કે જ્યાં સૂર્ય નથી ત્યાં અંધકાર છે, જ્યાં સાહિત્ય નથી તે દેશ મૃત છે. કવિની આ પંક્તિઓ સ્પષ્ટ કરે છે કે સાહિત્ય આપણા જીવનમાં પ્રકાશનો સ્તંભ બને છે. ભેદભાવની ચેતનાને જાગૃત કરે છે, જેમાંથી હે, જ્ઞેય, ઉપદેયનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. કોન્ફરન્સમાં ભાગ લેનાર સાહિત્યકારો અને



આયોજકોની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે આવા સંમેલનો યુવાનોને ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યોનો પરિચય કરાવવામાં મદદરૂપ થાય છે. હિમાચલના રાજયપાલ રાજેન્દ્ર આર્લેકરજી સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે પુસ્તકો જીવનમાં મિત્ર અને માર્ગદર્શક તરીકે કામ કરે છે. પુસ્તકથી સારો કોઈ મિત્ર નથી. તેમણે ઉપસ્થિત તમામ લોકોને અને ખાસ કરીને યુવાનોને સારું સાહિત્ય નિયમિત વાંચવા અપીલ કરી હતી.

અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના રાષ્ટ્રીય સંગઠન સચિવ બાલમુકુંદ પાંડેજીએ ત્રણ દિવસીય ઈન્દ્રપ્રસ્થ લિટરેચર ફેસ્ટિવલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સમારોહના કન્વીનર દેવેન્દ્ર પ્રતાપસિંહ તોમરજી એ તમામ મહેમાનોનો આભાર માન્યો હતો. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. સમારોહને સફળ બનાવવા લોકેશ શર્માજી સહિત કાર્યકરોએ સહયોગ આપ્યો હતો.

# દેવાયત ખવડ સહિત ૩ આરોપીઓના રિમાન્ડ મંજૂર પોલીસે ૫ દિવસના રિમાન્ડની માગી હતી

રાજકોટ,તા.૧૭

લોકસાહિત્યકાર દેવાયત ખવડ પોલીસ સમક્ષ હાજર થઈ ગયા છે અને આજે તેમના સાથીઓ પણ પોલીસ સમક્ષ હાજર થયા છે. હરેશ ઉર્ફે કાનો રબારી અને કિશન કુંભારવાડીયા પોલીસ સમક્ષ હાજર થયા છે. ત્યારે આજે લોક સાહિત્યકાર દેવાયત ખવડ સહિત ૩ આરોપીઓને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં ૨ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. પોલીસે ૫ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. સોમવારે ૪ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. તો બીજી તરફ પોલીસ દ્વારા ૫ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે દેવાયત અને અન્ય બે આરોપીઓને પોલીસ પકડી



શકી નહોતી. જેને લઈને પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા હતા.પરંતુ લોકસાહિત્યકાર દેવાયત ખવડ સહિત ૩ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. તપાસનિશ અધિકારી એ ડિવિઝનના પીઆઈએ પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. દેવાયત સામે અગાઉ પણ ગુનો નોંધાયેલ છે તેનો ઉલ્લેખ પોલીસે કોર્ટમાં કર્યો હતો. બીજી બાજુ દેવાયત ખવડના વકીલ ઉત્કર્ષ દવેએ દલીલો કરી હતી. રિમાન્ડની માગણી સામે વાંધો રજૂ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકીને કહ્યું કે, આગોતરા અરજી મૂકી હતી એને નાસ્તા ફરતા કઈ રીતે કહી શકાય. દેવાયતના વકીલે આખી એફઆઈઆર વાંચી ઉલ્લેખ કર્યો હતો.દેવાયત ખવડના વકીલ ઉત્કર્ષ દવે એ કોર્ટમાં દલીલો કરી હતી કે રિમાન્ડની માંગણી સામે વાંધો રજૂ કર્યો. સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકીને કહ્યું કે આગોતરા અરજી મૂકી હતી આને નાસ્તા ફરતા કહી રીતે કહી શકાય. દેવાયતના વકીલે કોર્ટમાં એફઆઈઆર વાંચી હતી. મયુરસિંહ રાણા એ જે લખાવ્યું હતું તે આખી ફરિયાદ જજ સામે વાંચી હતી. જેમાં ૩૦૭ કલમ સામે વાંધો લીધો હતો. ચપ્પુ માર્યું હોય તો હત્યાનૉ પ્રયાસનૉ ગુનો લાગતો નથી. મારે માત્ર ૩૦૭ની કલમનૉ જ વાંધો છે.દેવાયત ખવડના વકીલે હાઈકોર્ટના ચુકાદાને ટાક્યો હતો. તેમણે જણાવ્યું કે, દેવાયત પોલીસ સામે પાંચમાં દિવસે રજૂ થયા છે તો આગોતરા રજૂ કરી હતી. પરંતુ પોલીસને રિમાન્ડ ગ્રાઉન્ડ સામે વાંધો છે. દેવાયત ખવડ કેસમાં સરકારી વકીલે ધારદાર દલીલ કરી હતી. તેમણે જણાવ્યું કે દેવાયત ખવડને મીડિયા ટ્રાયલને કારણે પોલીસ સમક્ષ હાજર થવું પડ્યું. જેએમએફસી કોર્ટના જજ વાઘવાણી સાહેબે કહ્યું, મીડિયા ટ્રાયલ પછી પહેલા વકીલ ટ્રાયલ થશે. દેવાયત ખવડ જે કારમાં આવ્યા હતા તેમાં પહેલેથી જ લોખંડના પાઇપ હતા, જેનો અર્થ હુમલો કરવાના ઉદ્દેશથી જ આવ્યા હતા. સરકારી વકીલે દેવાયત ખવડ ફરાર હતા તેવી દલીલ કરી હતી. જેના જવાબમાં દેવાયત ખવડના વકીલ ઉત્કર્ષ દવેએ ફરાર નહિ પણ આગોતરા જામીન અરજી સહિતની પ્રક્રિયામાં હતા તેવો કોર્ટ સમક્ષ જવાબ આપ્યો. મહત્વનું છે કે, દેવાયત ખવડના વકીલે કોર્ટ સમક્ષ કહ્યું કે ગુજરાતમાં હૈંઈની કોપી કાઢવામાં જ બે થી ત્રણ દિવસનો સમય લાગી જાય છે.

# વંદે ભારત ટ્રેન સાથે અકસ્માત રોકવા સુરત-અમદાવાદ રેલવે લાઈનની બંને બાજુ ક્રેશ બેરિયર લગાવાશે

વડોદરા,તા.૧૭

ઉદઘાટન બાદથી વંદેભારત ટ્રેન પાટા પર દોડાવવી મુશ્કેલ બની છે. આ ટ્રેનને અત્યાર સુધી પાંચ અકસ્માત થયા છે. ટ્રેનને આડે રખડતા ઢોર આવતા ટ્રેનને નુકસાનીનો સામનો પણ કરવો પડ્યો છે. આ કારણે વંદેભારત ટ્રેનનો અકસ્માત સતત ચર્ચામાં રહે છે. ત્યારે હવે આ અકસ્માતો રોકવા માટે રેલવે વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવાયો છે. અકસ્માત રોકવા સુરતથી અમદાવાદ રેલવે લાઈનની બંને બાજુ મેટલ ક્રેશ બેરિયર લગાવાશે તેવો નિર્ણય લેવાયો છે.

વંદે ભારત ટ્રેન સાથે વારંવાર પશુ અથડાવવાની ઘટનાઓ રોકવા રેલ્વે વિભાગનો મોટો નિર્ણય લીધો કે, સુરતથી અમદાવાદ રેલવે લાઈનની બંને બાજુ મેટલ ક્રેશ બેરિયર લગાવાશે. ૧૪૦ કરોડના ખર્ચે ૧૭૦ કિમીના અંતરમાં રેલવે લાઈનની બંને બાજુ થ્રી લેયર મેટલ ક્રેશ બેરિયર લગાવાશે. વડોદરા ડિવિઝન દ્વારા આ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. મેટલ બેરિયરની કામગીરી માટે ૧૫ કંપનીઓએ ટેન્ડર ભર્યા છે. ૨૦૨૩ માં આ કામ પૂરું કરવાનું આયોજન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર અને મુંબઈ વચ્ચે ચાલનારી સેમી-હાઈ સ્પીડ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના નવા અને અપગ્રેડેડ વર્ઝનને ૩૦ સપ્ટેમ્બરે લીલી ઝંડી દેખાડી સેવાની શરૂઆત કરી હતી. દેશમાં ચાલનારી આ ત્રીજી વંદે ભારત ટ્રેન છે. આ ટ્રેન ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે, પરંતુ હાલ ટ્રેન ૧૩૦ કિમીની ઝડપે ચાલી રહી છે. પીએમ મોદીએ તાજેતરમાં જ વંદેભારત ટ્રેનને લીલીઝંડી બતાવીને રવાના કરી હતી. ત્યારે આ જ ટ્રેનને રખડતા ઢોરોનો ત્રાસ નડ્યો છે. આ કારણે ટ્રેનને પાટા પર દોડાવવી મુશ્કેલ બની હતી. દેશના ૬ રૂટ પર દોડતી વંદે ભારત ટ્રેનને ૬ મહીનામાં ૬૮ પશુઓ સાથે અકસ્માત થયો છે. વંદે-ભારત એક્સપ્રેસ ટ્રેન તાજેતરમાં ગુજરાતમાં ભેંસોના ટોળા સાથે ટકરાયા બાદ રેલવે સુરક્ષા દળે આ પશુ માલિકો વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. પશ્ચિમ રેલવે તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું કે ભેંસોની ટક્કર બાદ ક્ષતિગ્રસ્ત ભાગનું સમારકામ મુંબઈમાં કરી દેવામાં આવ્યું છે. દુર્ઘટનામાં ચાર ભેંસના મોત થયા હતા. પશ્ચિમ રેલવેના વરિષ્ઠ પ્રવક્તા (અમદાવાદ મંડળ) જિતેન્દ્ર કુમાર જયંતે કહ્યુ- આરપીએફે અમદાવાદમાં વટવા અને મણિનગર રેલવે સ્ટેશનો વચ્ચે ભારત ટ્રેનના રસ્તામાં આવનાર ભેંસોના અજાણ્યા માલિકો વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

# દેશમાં ઓરીના કારણે મોત મામલે ગુજરાત બીજા નંબરે

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં વધતા જતા ઓરી અછબડાના કેસના પગલે હેલ્થ વિભાગે વિવિધ ટીમ બનાવી ડોર ટુ ડોર સર્વેલન્સ પણ શરૂ કર્યું છે. આ ટીમ દ્વારા ૯ મહિનાથી ૫ વર્ષ સુધીના બાળકોને ઓરીની રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. તો સાથે સાથે સાવચેતીના ભાગરૂપે વિટામિનની ટેબ્લેટ પણ આપવામાં આવી છે.

રાજયમાં દિવસે-દિવસે બાળકોમાં ફેલાયેલો ઓરીનો રોગચાળો વકર્યો છે. લોકસભામાં રજૂ કરાયેલા ઓરીના આંકડા પ્રમાણે મોતની દ્રષ્ટીએ ગુજરાત બીજા નંબરે અને કેસની દ્રષ્ટીએ ગુજરાત ત્રીજા નંબરે છે. રાજ્યમાં અત્યાર સુધી ૯ લોકોનાં મોત થયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૩ લોકોનાં મોત થયા છે. ગુજરાતમાં અત્યાર સુધી ૮ જિલ્લા અને ૩ મહાનગરોમાં ઓરીના કેસ જોવા મળ્યા છે.

# બોગસ પેઢી ઉભી કરી ૪૯૬ કરોડનું બોગસ બીલિંગ કરનાર આલમ સૈયદ ઝડપાયો

સુરત,તા.૧૭

ઈસીઓ સેલે જીએસટી કૌભાંડના મુખ્ય આરોપી આલમ શેખની ધરપકડ કરી છે. ૩ નવેમ્બરે પાડેલા રાજયવ્યાપી જીએસટી કૌભાંડના દરોડામાં આલમ શેખ મુખ્ય સુત્રાધાર હતો. કૌભાંડી આમલે ૧૯ બોગસ પેઢીઓ ઉભી કરી ૪૯૬ કરોડનુ બિલીંગ કર્યાનું માનવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધી કુલ ૧૪ લોકોની ધરપકડ થઈ ચુકી છે. મુખ્ય સુત્રાધાર પણ પોલીસની પકડમાં આવવાથી જીએસટી કૌભાંડની તમામ કડીઓ



જોડાશે અને તપાસમાં કૌભાંડની વધારે વિગતો સામે આવશે.

સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા બોગસ બિલિંગના રેકેટ મામલે સુરત પોલીસની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા રાજયવ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતાં. ઓળખ અને રહેઠાણના બોગસ પુરાવાઓ ઉભા કરી તેના આધારે પેઢીઓનું જીએસટી રજીસ્ટ્રેશન કરાવી બોગસ બિલીંગનો ખેલ કરાતો હોવાની પાકી બાતમીના આધારે આ કાર્યવાહી કરાઇ હતી.

ઈકો સેલ દ્વારા સુરત ઉપરાંત મોરબી, રાજકોટ, અમદાવાદ, ભાવનગર, અમરેલી જિલ્લામાં દરોડા કરવામાં આવ્યા હતા. ત્યારે આ દરોડા દરમિયાન ઝડપી પડાયેલા ૧૪ કૌભાંડીઓને ઝડપી લેવાયા હતાં. પકડાયેલા આરોપીના રિમાન્ડ મેળવી કરાયેલી તપાસમાં ૧૨૦૬ કરોડનાં બોગસ જીએસટી બિલ પધરાવી ૧૧૬ કરોડ રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી હોવાનો પર્દાફાશ કરાયો હતો.

સરકારની તિજોરીને લૂણો લગાડનારા આ રેકેટ પાછળ મુખ્ય સૂત્રાધાર તરીકે આલમ શેખ (સુરત), સુફિયાન કાપડિયા (સુરત), ઉસ્માન બગલા (ભાવનગર) અને સજ્જાદ રઉજાની (ભાવનગર) હોવાનું જણાયું હતું.

પ્રાથમિક તપાસમાં પ્રથમ જે ૮ પેઢી સબબ ગુનો નોંધાયો હતો, તેનું ટર્નઓવર ૧૦૬ કરોડ અને અન્ય ૧૩ પેઢીઓનું ટર્નઓવર અંદાજિત ૭૩૩ કરોડ હોવાનું જણાયું હતું. જેમાં અંદાજે ૪૨ કરોડ આઈટીસી (ઈનપુટ ટેક્સ ક્રેડિટ) મેળવ્યા હોવાનું જણાયું છે.

આ સિવાય સુરત, અમદાવાદ, ભાવનગર વગેરે જિલ્લાઓમાંથી આશરે ૧૪૨ પેઢીનું ટર્ન ઓવર અંદાજિત ૪૨૦ કરોડ હોવાનું અને તેમાંથી ઈનપુટ ટેક્સ ક્રેડિટ તરીકે ૭૪ કરોડ મેળવ્યા હોવાનો અંદાજ પણ તપાસ દરમિયાન પોલીસે લગાવ્યો હતો. આ મામલે હજુ તપાસ ચાલી રહી છે.આ રેકેટમાં ઈકો સેલ દ્વારા મુરશીદ આલમ હબીબુલ રહેમાન સૈયદ (રહે, હેપીનેસ બંગલોઝ, શાલીમાર સોસાયટી પાસે, ઉન)ની ધરપકડ કરવામાં આવી છે. આલમ સૈયદે એમડી એન્ટરપ્રાઈઝ અને મકવાણા એન્ટરપ્રાઈઝ ઉપરાંત અન્ય ૧૭ પેઢીઓ થકી બોગસ બિલીંગનું કૌભાંડ આચર્યું છે. આમલમે આ પેઢીઓના નામે ૪૯૬ કરોડના બોગસ બિલો બનાવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.